Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा नवति नवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्नः
आत्मानन्दप्रकाशो यदि नवति नृणां नावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ अशाड. आत्म सं. २०. { अंक १२मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુસ્તુતિ ૨ ગુરૂસ્તુતિ... | ૩૩૯-૪૦ | ૯ | શ્રી વીરકર્ણુ વેદ્ય (વૈદ્ય) ... ... | ૩૫૧ |
| ૩ | આત્માના ગુણને વિસ્તીર્ણુ કરવા અભ્યર્થના... ... ... ... | ૩૪૦ | ૧૦ | જૈન દૃષ્ટિએ એક નરરત્ન ... ... | ૩૫૨ |
| ૪ | સ્વહિત સાધી લેવા ભવ્યાત્માઓને હિતોપદેશ... ... ... ... | ૩૪૦ | ૧૧ | આત્માના માનસિક કારણો ... | ૩૫૮ |
| ૫ | સુખના અર્થીએ દુઃખના માર્ગથી આ[illegible] માર્ગે સંચરવું જોઇએ .... ... ... ... | ૩૪૧ | ૧૨ | આ સભા તરફથી શેઠ દેવકરણભાઇ મુળજીને આપવામાં આવેલ માનપત્ર | ૩૭૦ |
| ૬ | મનુષ્ય જન્મની સાર્થકતા કેમ થાય ? | ૩૪૨ | ૧૩ | સુરતમાં માનપત્રનો મેલાવડો... | ૩૭૩ |
| ૭ | સદ્દગુણીના કિંમત કરતા શીખો ! | ૩૪૩ | ૧૪ | એક સુધારો ... ... ... ... | ૩૭૪ |
| ૮ | વૈરાગ્યથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? | ૩૪૪ | ૧૫ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજના સમુદાયના મુનિરાજોના ચાતુર્માસનો નિર્ણય... ... ... ... | ૩૭૪ |
| | | | ૧૬ | વર્તમાન સમાચાર મુનિવિહાર. | ૩૭૫-૭૬ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બારમા વર્ષની ભેટ.

અને

## પ્રમાદી ગ્રાહકોને સૂચના.

આ વર્ષે આ સભાને વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં દશ ફારમને બદલે ત્રીશ ફારમનો, સુંદર ટાઇપથી છપાવેલ ઊંચા કપડાના પાકા બાઇન્ડીંગથી અલંકૃત કરેલ તેમજ મોટો ખર્ચ કરી તૈયાર કરવામાં આવેલ. "શ્રી શ્વેતામ્બરીય જૈન ગ્રંથ ગાઈડ" નામનો ગ્રંથ અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવામાં આવેલો છે. જે જે સુજ્ઞ ગ્રાહકોએ તેની કદર કરી સ્વીકારી લીધેલ છે તેમનો ઉપકાર માનવામાં આવે છે. પરંતુ કેટલાક પ્રમાદી ગ્રાહકોએ તો માસિક અત્યાર સુધી રાખ્યાં છતાં, વી. પી. સ્વીકારવા માટે પત્ર લખ્યા બાદ ઉડાઉ જવાબ આપેલ અને કેટલાક ગ્રાહકોએ વગર સમજે વી. પી. પાછું રવાના કરેલ છે અને કેટલાક ગ્રાહકો પાસે બે કે તેથી વધારે વર્ષનું લેણું છતાં અને તેઓ અત્યાર સુધી માસિકના ગ્રાહક રહેલ છતાં ભેટની બુકનું વી. પી. મોકલતાં લેણું લવાજમ આપવું પડે, તેના કારણથી પણ વી. પી. પાછું મોકલેલ છે, જેથી વી. પી.ના ખર્ચ જેટલું જ્ઞાન ખાતાને નુકશાન કરતાં પાછલાં લેણાં માટે પણ તેઓ જ્ઞાન ખાતાના દેવાદાર રહેલ છે. જેથી તેવા ગ્રાહકોને વિનંતિ કે આ ધાર્મિક કાર્ય છે જેથી તેને અયોગ્ય નુકશાન નહિ કરતાં લેણું લવાજમ મોકલી ગ્રાહક ન રહેવું હોય તો તેમ અમોને જણાવવા વિનંતિ છે.

## મુનિરાજશ્રી અનંગવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી અનંગવિજયજી મહારાજ ઘણા લાંબા વખતથી ક્ષયરોગની બીમારી ભોગવી ચાલતા માસની શુદ ૯ ના રોજ સવારના નવ વાગે પાટણ શહેરમાં સ્વર્ગવાસ પામ્યા છે. ઉકત મહાત્મા સ્વભાવે શાંત, સરલ અને ચારિત્રપાત્ર હતા. ઘણા વખતની બીમારી છતાં છેવટ સુધી ઉકત મુનિરાજ સ્વસ્થ, શાંત, ધર્મક્રિયામાં મશગુલ હતા. પરિણામની ધારા, ઉપયોગ અંત ઘડી સુધી અખંડપણે વર્તતા હતા. આવા એક ઉત્તમ મુનિરાજના સ્વર્ગવાસથી આ સભાને અત્યંત દિલગીરી થઇ છે, એટલુંજ નહીં પરંતુ પાટણના સંઘને પણ પારાવાર દીલગીરી થઇ છે. તેમની પાછળની ક્રિયા દેવવંદનમાં પંન્યાસજી મહારાજ શ્રી આનંદસાગરજી વગેરે શુમારે ૫૩ સાધુ મહારાજ અને ૩૦ સાધ્વી મહારાજે ભાગ લીધો હતો. જૈન કોમમાં એક આવા સાધુ રત્નની ખોટ પડી છે. તે મહાત્માના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

## પુસ્તક ૧૨ મું.

पुस्तक १२ मुं. विक्रम संवत् १९७०–७१ आत्म सं. १९–२० अंक १२

"सेव्य सदा श्री गुरु कल्पवृक्षः"

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनःकर्मकक्षानलाम्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्–हृद्विकाशः ॥

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વીર સંવત ૨૪૪૦-૪૧ આત્મસંવત ૧૯-૨૦ ઇ. સ. ૧૯૧૪-૧૫

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. ( પદ્ય ) | ૧ |
| ૨ | પ્રભુસ્તુતિ. ( પદ્ય ) | ૫૭-૧૧૫-૧૪૧-૧૬૫-૨૦૧-૨૩૩-૨૬૩-૩૩૯ |
| ૩ | ગુરૂસ્તુતિ. | ૧૫-૫૭-૧૪૧-૨૦૧-૨૦૨-૨૬૩-૨૯૯-૩૩૯-૩૪૦ |
| ૪ | આત્માનંદ પ્રકાશને આશીર્વાદ. | ૨ |
| ૫ | અભિનવ વર્ષના ઉદ્ગારો. | ૨ |
| ૬ | પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજના ધર્મ સંબંધી ભાષણો. | ૮-૨૬-૬૬-૯૭-૧૩૩-૧૫૩-૧૭૪-૨૦૨-૨૩૪-૨૬૪ |
| ૭ | કીર્તિથી શું ધર્મ પ્રાપ્ત થઇ શકે છે? | ૧૫ |
| ૮ | સમયોચિત્ત સેવા. | ૧૭ |
| ૯ | આત્મજાગૃતિ ઉપદેશ પદ અનુવાદ. ( પદ્ય ) | ૨૨ |
| ૧૦ | શ્રી પાર્શ્વજીનદર્શન ભાવના. ( પદ્ય ) | ૨૩ |
| ૧૧ | વર્ત્તમાન સમાચાર. | ૨૩-૫૩-૮૩-૧૧૪-૧૪૦-૧૬૩-૧૮૯-૧૯૧-૨૩૧-૨૩૨ ૨૫૯-૨૬૦-૨૬૨-૨૯૪-૨૯૭-૩૩૬-૩૩૭-૩૭૫-૩૭૬ |
| ૧૨ | ગ્રંથાવલોકન. | ૨૪-૫૬-૧૧૩-૧૬૬-૨૯૮ |
| ૧૩ | વાર્ષીક ક્ષમા યાચના. ( પદ્ય ) | ૨૫ |
| ૧૪ | સત્યવિદ્યા સ્વરૂપ. ( પદ્ય ) | ૨૬ |
| ૧૫ | દુઃખથી શું ધર્મ પ્રાપ્ત થાય છે? | ૩૪ |
| ૧૬ | આશ્રવમિમાંસા. | ૩૯-૧૨૩-૨૦૯-૨૭૮ |
| ૧૭ | આત્માની અવસ્થાત્રયનું સ્વરૂપ દર્શન. ( પદ્ય ) | ૪૮ |
| ૧૮ | સરલતા. | ૪૯ |
| ૧૯ | શ્રી મહાવીર વિદ્યાલય (મુંબઇ)ને મળેલી વધુ મદદ. | ૫૫ |
| ૨૦ | ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજીનું ચતુર્દશ મુનિ સહ ગુણગામદર્શક પદ. ( પદ્ય ) | ૫૮ |
| ૨૧ | કૌતુકથી શું ધર્મ પ્રાપ્ત થાય છે? | ૫૯ |
| ૨૨ | પવિત્ર આશ્વાસન. | ૬૧ |
| ૨૩ | અઢાર પાપસ્થાનક (રાગ) ( પદ્ય ) | ૭૬-૧૯૮ |
| ૨૪ | સંવત્સરી ખામણાના પત્રો સાથેનો મ્હારો સંબંધ અને અને કર્ત્તવ્ય દિશા સહુ સહૃદય | ૭૭ |
| ૨૫ | એક લઘુ વયના સાધુના સંવત્સરી પત્રનો પ્રત્યુત્તર. | ૭૮ |
| ૨૬ | એક વયોવૃદ્ધ સાધ્વીના સંવત્સરી પત્રનો પ્રત્યુત્તર. | ૭૯ |
| ૨૭ | સર્વ શોક અને દુઃખનું કારણ પાપ છે. | ૮૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર. | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૨૮ | શ્રી પાર્શ્વજિન સ્તવન. ( પદ્ય ) ... ... ... ... | ૮૧ |
| ૨૯ | જીવદયાનો ફેલાવો. ... ... ... ... ... ... | ૮૨ |
| ૩૦ | અભિનવ વર્ષાભિનંદન. ( પદ્ય ) ... ... ... ... | ૮૯ |
| ૩૧ | ધન અને ધનિક. ( પદ્ય ) ... ... ... ... ... | ૯૦ |
| ૩૨ | પૂર્વકાલના જૈનાચાર્યો. ... ... ... ... ... | ૯૧ |
| ૩૩ | શ્રી નેમીજિન સ્તવન. ( પદ્ય )... ... ... ... ... | ૧૦૩ |
| ૩૪ | અહિંસા ધર્મની પુષ્ટિ માટે પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયકારે પ્રતિપાદન કરેલા વાક્યો. ... ... ... ... ... | ૧૦૩ |
| ૩૫ | આશ્ચર્યથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ! ... ... ... ... | ૧૦૬ |
| ૩૬ | સુધારો ... ... ... ... ... ... | ૧૧૪–૩૭૪ |
| ૩૭ | વિદ્યાર્થી જીવન કેવું હોવું જોઇએ ? ... ... | ૧૧૬–૧૪૨–૧૬૬ |
| ૩૮ | કર્મબંધની રચના ... ... ... ... ... ... | ૧૩૨ |
| ૩૯ | આત્મ ઘડીયાળી થવા સંબોધન પદ (પદ્ય) ... ... ... | ૧૪૦ |
| ૪૦ | મ્હારા નાથ ત્હારે આધારે (પદ્ય) ... ... ... ... | ૧૪૭ |
| ૪૧ | સસ્તા ભાડાની ચાલીઓ માટે જૈન શ્રીમંતોને અપીલ. ... ... | ૧૪૮ |
| ૪૨ | વિવિધ વિષયો. ... ... ... ... ... ... | ૧૫૧ |
| ૪૩ | ગણિપદ પ્રદાનકે સમય મુનિ મહારાજ શ્રી હંશવિજયજીને દીયા હુવા બોધ | ૧૬૧ |
| ૪૪ | અહિંસા યાને દયા ધર્મ. ... ... ... ... ... | ૧૬૪ |
| ૪૫ | જીવદયા સંબંધી સુચના ... ... ... ... ... | ૧૮૯ |
| ૪૬ | મુનિ મહારાજાઓને વિનંતી ... ... ... ... ... | ૧૯૦ |
| ૪૭ | શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સનું નવમું અધિવેશન ... ... | ૧૯૨ |
| ૪૮ | પં. દાનવિજયજીના વ્યાખ્યાન પરત્વે આલોચનાકારની અજ્ઞાનતા | ૨૧૮ |
| ૪૯ | પૂર્ણ સ્વરૂપાષ્ટક (પદ્ય) ... ... ... ... ... | ૨૨૨ |
| ૫૦ | મુનિ વિહારથી થતા લાભો ... ... ... ... | ૨૨૩–૩૩૩ |
| ૫૧ | વિવેકાચરણ... ... ... ... ... ... ... | ૨૨૬ |
| ૫૨ | જૈનોન્નતિ ... ... ... ... ... ... | ૨૨૮–૨૯૦–૩૦૭ |
| ૫૩ | વ્યવ્હારથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? ... ... ... ... | ૨૬૨ |
| ૫૪ | યતિઓની સાહિત્ય સેવા ... ... ... ... | ૨૫૦–૩૧૩ |
| ૫૫ | એક મનોરંજક પ્રભાત. ... ... ... ... ... | ૨૫૧ |
| ૫૬ | ભાવથી શું ધર્મ પ્રાપ્ત થાય છે ? ... ... ... ... | ૨૭૨ |
| ૫૭ | શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સનું બંધારણ અને તેને લોકપ્રીય કરવા શું ઉપાય યોજવા જોઇએ ? ... ... ... ... ... | ૨૭૬ |
| ૫૮ | પરતૃષ્ણા વિરમણ પદ અનુવાદ (પદ્ય) ... ... ... ... | ૨૮૯ |
| ૫૯ | જુની જૈન સાહિત્ય પ્રવૃતિને નિભાવી રાખવાની જરૂર... ... | ૨૯૨ |
| ૬૦ | વાર્ષીક મહોત્સવ પ્રસંગે શ્રી સિદ્ધગીરી સ્તુતિ (પદ્ય) ... ... | ૨૯૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૧ | જિન અને જૈન શબ્દ સબંધી સાદી સમજ ... ... ... | ૩૦૦ |
| ૬૨ | શું કુલાચારથી ધર્મ પ્રાપ્ત થાય છે? ... ... ... ... | ૩૦૧ |
| ૬૩ | દુર્લભ મનુષ્ય દેહ વ્યર્થ ગુમાવવા વિર પુત્રોને વિજ્ઞપ્તિ (પદ્ય) ... | ૩૦૫ |
| ૬૪ | નીતિ અને નૈતિક કેળવણી ... ... ... ... ... | ૩૦૫ |
| ૬૫ | આત્મા અથવા "હું" નો સાક્ષાત્કાર... ... ... ... | ૩૧૫ |
| ૬૬ | જ્ઞાનદાન (પદ્ય) ... ... ... ... ... ... | ૩૩૦ |
| ૬૭ | મંદસોરની ઉત્પત્તિનો ઈતિહાસ. ... ... ... ... | ૩૩૧ |
| ૬૮ | શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષીક મહોત્સવ... ... ... | ૩૩૬ |
| ૬૯ | વિજયાનંદ સૂરિશ્વરના પરિવાર મંડળના મુનિરાજોનો ચાતુર્માસનો નિર્ણય. ... ... ... ... ... ... | ૩૩૮–૩૭૪ |
| ૭૦ | શ્રીમદ વિજયાનંદ સૂરિશ્વરની જયંતિ... ... ... ... | ૩૩૭ |
| ૭૧ | આત્માના ગુણોને વિસ્તીર્ણ કરવા અભ્યર્થના. ... ... | ૩૪૦ |
| ૭૨ | શીઘ્ર સ્વહિત સાધી લેવા ભવ્યાત્માને યોગ્ય હિતોપદેશ. ... ... | ૩૪૦ |
| ૭૩ | સુખના અર્થીએ દુઃખના માર્ગથી પાછા ઓસરી સુખના માર્ગેજ સંચરવું જોઈએ. ... ... ... ... ... ... | ૩૪૧ |
| ૭૪ | મનુષ્ય જન્મની સાર્થકતા કેમ થાય? ... ... ... | ૩૪૨ |
| ૭૫ | સદ્ગુણીનો અનાદર નહીં કરતા તેમના ગુણની કિંમત કરતા શીખો. | ૩૪૩ |
| ૭૬ | વૈરાગ્યથી શું ધર્મ પ્રાપ્ત થાય છે? ... ... ... ... | ૩૪૪ |
| ૭૭ | શ્રી વીરકર્ણ વૈદ્ય. (પદ્ય) ... ... ... ... ... | ૩૫૧ |
| ૭૮ | જૈન દૃષ્ટિએ એક નરરત્ન. ... ... ... ... ... | ૩૫૨ |
| ૭૯ | આત્માના માનસિક કારણો. ... ... ... ... ... | ૩૫૮ |
| ૮૦ | આ સભા તરફથી શેઠ દેવકરણભાઇ મુળજીને માનપત્ર આપવાનો કરવામાં આવેલો મેળાવડો ... ... | ૩૭૦ |
| ૮૧ | સુરતના શ્રી જૈન સમાજે રાધનપુરવાળા બેન ગલબીબાઇને આપેલ માનપત્ર. ... ... | ૩૭૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १२ ] वीर संवत् २४४१, अषाड. आत्म. संवत् २० [ अंक १२ मो.

## उत्तम मार्ग संचरवा प्रभु प्रार्थना.

( શિખરિણી. )

ત્હમારા [1]સંપર્કે મન વિષમ આઘાત હરવા,
લહી અંતર્દૃષ્ટિ ગુણ ગુણ વિષે સ્થિર કરવા;
સદા આત્મા પ્રેરી પરમહિત પંથે વિહરવા,
પ્રભો ! અર્પો એવું બળ દુઃખદ સંસાર તરવા.

## गुरुतत्त्वनी साधनामां प्रवृत्तिमय उद्गार.

( ગીતિ. )

સમયબળ એ શોધી ! ગણુના સાધી સમર્થ ગુરૂતત્ત્વે,
હિતકારી-પ્રવૃત્તિ,—કરજે તું [2]વિશ્વ શુભ સત્ત્વે.

विजय.

---

૧ સંગથી ૨ સમસ્ત

For Private And Personal Use Only

## गुरु वचनामृतनी शोध.

( ગીતિ )

સદ્દગુરૂ વચનામૃત એ, ક્યાંથી મળશે ? વિચાર ઉદ્ભવતા;
જાણ્યું ગુરૂ પદ સેવા,—સ્થાનેથી [1]નિર્ઝરો સદા દ્રવતા.

त्रिजय.

## आत्माना गुणोने विस्तीर्ण करवा अभ्यर्थना.

( શિખરિણી )

પ્રભુતા સંભારી પ્રતિ [1]હૃદય માધુર્ય ભરીશું,
મનો વાક્કાયાથી પરહિત તણી તૃપ્તિ લહીશું;
વળી જૈની દૃષ્ટિ વિધ વિધ નયોમાં નિરખીશું,
વણી અંતે આત્મા સહ શુભ ગુણો [2]સ્વાંગ બનીશું.

## શીઘ્ર સ્વહિત સાધી લેવા ભવ્યાત્માને યોગ્ય હિતોપદેશ.

(લેખક શાંતમૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

ઓ મોહ માયાને વશ પડેલા માનવી ! દ્રવ્ય મેળવવાની તૃષ્ણા તજી દે, મનમાં આશા તૃષ્ણા વગરની સુબુદ્ધિ ધારણ કર. નિજ કર્મ અનુસારે જેટલું દ્રવ્ય ન્યાય માર્ગે પ્રાપ્ત થાય, તેટલાથી હે ભોળા ! તું સંતોષવૃત્તિ ધારણ કર.

૨ અર્થ—દ્રવ્ય ધન અનર્થનું કારણ છે, તેનાથી અનેક અનર્થ પ્રભવે છે. એમ સદા ચિન્તવ. તે દ્રવ્યથી લેશ માત્ર સત્ય સુખ સંભવતું નથી. નિજ પુત્ર થકી પણ ધનવંતને ભય રહે છે કે રખે તે દ્રવ્ય લોભથી પિતાને પણ મારી નાંખે. સમ સર્વત્ર એ રીતે ચાલતું જ આવ્યું છે અને આવે છે.

૩ ત્હારી સ્ત્રી કઇ અને પુત્ર કોણ ? આ દેખાતાં સ્ત્રી પુત્રાદિકતો સહુ સ્વાર્થના જ સંબંધી છે. આ સંસાર અત્યંત વિચિત્ર જણાય છે. તું કોનો ? અને કયાંથી આવ્યો ? હે ભાઈ ! આ તત્ત્વનું ચિન્તવ.

૪ હે ભોળા ! સ્વજન, ધન અને, જોબનનો ગર્વ તું ન કર. પલક માત્રમાં કાળ સર્વ કંઇ હરી લે છે. આ બધી ખોટી માયા—મમતા તજીને સત્ય પરમાત્મા સ્વરૂપને ઓળખી તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કર.

---

૧ રસનાં ઝરણાં. ૧ પ્રત્યેક પ્રાણીના અંતઃકરણમાં. ૨ અનુરૂપ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ કામ, ક્રોધ, લોભ અને મોહને તજી આત્મ વિચાર કર કે હું કોણ છું ? મ્હારૂં શું સ્વરૂપ છે ? મ્હારૂં શું કર્તવ્ય છે ? અરે ! આત્મજ્ઞાન વગરના મૂઢ જનો નર્કાદિ સંબંધી દુઃખ દાવાનળમાં જઇ પચાય છે.

૬ જો તું શીઘ્ર શુદ્ધ તત્વ પ્રાપ્ત કરી લેવા વાંછતો જ હોતો શત્રુ, મિત્ર, પુત્ર અને બંધુ ઉપર દ્વેષાદિક તજી સમ સર્વત્ર સમતા ભાવ ધારણ કર. કષાય તાપ બુઝવી હૃદય શાન્તિ પ્રાપ્ત થયે સર્વ સુંદર થાય છે.

૭ કમળના પત્ર ઉપર રહેલા જળ બિંદુની જેમ જીવિત અત્યંત ચપળ છે. અને સમસ્ત જગત્ વ્યાધિ અને અભિમાનથી વ્યાપ્ત તથા શોકાકુળ છે એમ સમજી શીઘ્ર સ્વહિત સાધી લેવા ઉજમાળ થા.

૮ પ્રથમ વયમાં થોડું પાણી પીધેલું સંભારીના નાળીએરનાં ઝાડ માથે ઘણો ભાર છતાં મનુષ્યોને જીવિત પર્યંત અમૃત જેવું મીઠું પાણી આપ્યાં કરે છે. ખરૂં છે કે સજ્જન પુરૂષો કરેલા ઉપગારને કદાપિ વિસરી જતા નથી.

૯ છતી આંખે અકાર્ય કરે તેજ અંધ, છતે કાને હિત વચન શ્રવણ ન કરે તે જ બધિર; અને છતી જીભે અવસર ઉચિત ન જાણે તે મૂંગો; એમ સમજી સુજ્ઞ જનોએ પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ કરી લેવા ચીવટ રાખવી.

કિંબહુના

## સુખના અર્થીએ દુઃખના માર્ગથી પાછા ઓસરી સુખના માર્ગેજ સંચરવું જોઇએ.

### (લે. શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

સુખ સહુને સારૂં લાગે છે, દુઃખ સારૂં લાગતું નથી. તેમ છતાં સુખના ખરા માર્ગે થોડાજ સંચરે છે દુઃખનાજ માર્ગે ઘણા ચાલતા હોય છે. ન્યાય-નીતિ અને ધર્મના માર્ગે ચાલવાથીજ ખરૂં સુખ મળી શકે છે. અન્યાય-અનીતિ અને અધર્મના માર્ગે ચાલવાથી તો દુઃખજ પમાય છે. તેમ છતાં મુગ્ધ અજ્ઞાની જીવો ગેરમાર્ગેજ અંધવત્ ચાલતા જણાય છે. એવા મુગ્ધ જીવોને પાપ માર્ગથી દૂર રહી સુખી થવા માટે તેની કંઇક સમજ આપવી ઉચિત જાણી અત્ર તેનું સંક્ષેપથી વ્યાન કરવામાં આવે છે. સુખ દુઃખની લાગણી સહુને સમાન છે અને આપણે જેવું વાવીએ તેવું લણીએ છીએ. જો સુખનાં બીજ વાવીએ તો સુખ-ફળ અને દુઃખનાં બીજ વાવીએ તો દુઃખ-ફળ પામીએ છીએ. મન, વચન અને કાયાના માઠા વ્યાપાર જેમ આપણને પ્રતિકૂળ લાગે છે, તેમ બીજાને પણ લાગેજ. એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજી કોઇ જીવ પ્રત્યે પ્રતિકૂળતાવાળું આચરણ મન વચન કાયાથી કરવું, કરાવવું કે અનુમોદવું નહિ. આપણા પ્રાણ જેવા સહુને પોતાનો પ્રાણ વ્હાલો હોયછે, એમ સમજી કોઇને પ્રાણ હાનિ થાય તેવું કરવું નહિ. જૂઠું બોલવાથી કે પારકા મર્મ ખોલવાથી કે કઠોર ગાળો દેવાથી પોતાને અને પરને ઘણી હાનિ થાય છે તેથી તેવું ભાષણ કરવું નહિ. અગીયારમા પ્રાણ જેવું પરદ્રવ્ય અપહરી લેવાથી સામાના પ્રાણ ઊડી જાય છે અને એવી અનીતિ કરનારને પણ દંડ કે કેદ પ્રમુખથી ઘણી મહાન હાનિ અહીંજ થાય છે અને તે ઉપરાંત પરલોકમાં નર્કાદિકનાં ભારે દુઃખ ભોગવવાં પડે છે. પરસ્ત્રી કે વેશ્યા સાથે ગમન કરવાથી પૈસાના અને આબરૂના કાંકરા થાય છે, અને પરભવમાં પરમાધામી તેને ધગધગતી લોઢાની પુતળી સાથે પરાણે આલિંગન કરાવે છે. એજ રીતે પરપુરૂષ સાથે ગમન કરનારી સ્ત્રીઓને પણ પરાધીનપણે ભારે કષ્ટ સહન કરવાં પડે છે. દ્રવ્યાદિક ઉપર ખોટી માયા મમતા રાખવાથી વધારે જીવ ઉપાધિગ્રસ્ત બની બહુ દુઃખી થાય છે. અને એનેજ લઇ અજ્ઞાન જીવ ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયનું સેવન કરી, રાગ દ્વેષને વશ થઇ અને કલેશ કંકાસને વ્હોરી લઇ ખુવાર થાય છે પાપની કે પરભવની બ્હીક નહિ હોવાથી અન્ય ઉપર ખોટાં આળ ચઢાવે છે. પારકી ચાડી-ચુગલી કરે છે, મન ગમતું કામ થતાં હર્ષ અને અણગમતું થતાં ખેદ કરે છે. પારકી નિંદા-ખણખોદ કર્યા કરે છે, કુડ કપટ કરી બીજાને છેતરે છે અને દુરંત દુર્ગતિદાયક નિન્દ્ય અને વિપરીત માર્ગને હિતરૂપ સમજી આદરે છે. આ સઘળાં પાપસ્થાનકો પાપ માર્ગમાં ગાઢ પ્રીતિને લઇ સેવાય છે. એના પરિણામે જીવ બહુ દુઃખી થાય છે. દુર્ગતિમાં જાય છે અને પામેલી સઘળી સામગ્રી હારી જાય છે જે ફરી સાંપડવી મુશ્કેલ છે. પાપથી ડરે તેજ સુખી થાય છે. ઇતિશમ્

## મનુષ્ય જન્મનીસાર્થકતા કેમ થાય ?

### (લે. શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

૧ આર્યદેશમાં અવતાર આરોગ્ય-નિરોગી કાયા પાંચે ઇન્દ્રિયોની પટુતા-કુશળતા, દીર્ઘ આયુષ્ય, ઉત્તમ કુળ અને જાતિમાં જન્મ ઉત્તમ બુદ્ધિ-બળ અને શુદ્ધ તત્ત્વની ગવેષણા, સમકિત રત્નની પ્રાપ્તિ અને નિર્દોષ ચારિત્રનું સેવન કરવું એ પ્રબળ પુન્યયોગે હળવા કર્મી મનુષ્યોનેજ પ્રાપ્ત થઇ શકે છે.

૨ પૂર્વ પુન્યયોગે આ મનુષ્ય જન્માદિ ઉત્તમ સામગ્રી પામ્યા છતાં તેની સફળતા કરવા જીવને દુષ્ટ પ્રમાદાચરણ અંતરાયરૂપ થાય છે.

૩ એકાન્ત હિતકારી એવાં જ્ઞાનીનાં વચનનો અનાદર કરી કેવળ સ્વચ્છંદ વૃત્તિથી મન વચન કાયાને મોકળાં મૂકવાં જેમકે માદક ( મદ ઉપજાવે એવા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થનું સેવન કરવું, વિષયાસક્ત બનવું, ક્લિષ્ટ કષાયને વશ થઇ જવું, આલસ્ય સેવવું. અને નકામી કુથલી ( વિકથા ) કરવી એને જ્ઞાની પુરૂષો **પ્રમાદાચરણ** કહે છે.

૪ ઉકત પ્રમાદ જેવો કોઇ પ્રબળ શત્રુ નથી અને આત્મકલ્યાણ સાધી લેવા માટે સેવવામાં આવતા સદ્ઉદ્યમ સમાન કોઇ મિત્ર નથી.

૫ ન્હાના મ્હોટા, ત્રસસ્થાવર સઘળા જીવોને આત્મ સમાન લેખી હાલતાં ચાલતાં, બેસતાં, ઉઠતાં, ખાતાં, પીતાં, સુતાં-શયન કરતાં, કે બોલતાં જો બનતી સંભાળ રાખવામાં આવે છે તો તેથી સ્વપર પ્રાણનો બચાવ થાય છે અને આપણો આત્મા પાપથી મલીન થતો નથી એમ સમજી કોઈ કામ ધસમસીને નહિ કરતાં જયણાથી કરવું.

૬ પ્રિય પથ્ય અને તથ્ય ( અન્યને પ્રિય લાગે અને હિતરૂપ થાય ) એવુંજ સત્ય વચન વદવું, અન્યથા મૌન ધારણ કરવું યુકત છે.

૭ પરદ્રવ્યને પથ્થરની જેમ ઉવેખી ન્યાય-નીતિને પ્રમાણિકપણે દ્રવ્યોપાર્જન કરી સ્વકુટુંબ પોષણ અને સ્વધર્મરક્ષણ કરવું.

૮ સુજ્ઞ ભાઇઓએ પરસ્ત્રીને સ્વમાતા-બ્હેન કે પુત્રી તુલ્ય ગણવી અને સુજ્ઞ બ્હેનોએ પરપુરૂષને સ્વપિતા, બંધુ કે પુત્ર તુલ્યજ લેખવો.

૯ અપરિમિત દ્રવ્યની આશા-તૃષ્ણા છેદવા માટે પરિમિત દ્રવ્યનું પ્રમાણ કરી સંતોષ ધરી સ્વોપાર્જિત દ્રવ્યનો સત્ક્ષેત્રમાં એવી કુનેહથી સદ્વ્યય કરો કે તે તમને પરિણામે અનંતગુણો લાભ આપે. ઇતિશમ્

## સદ્ગુણીનો અનાદર નહિ કરતાં તેમના ગુણની કિંમત કરતાં શીખો.

(લેખક—શાંતમુર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.)

૧ સ્વદેશમાં જન્મેલો ગમે એટલો ગુણવાન્ હોય તો પણ નિરંતરના પરિચયને લીધે તેની ખરેખર અવજ્ઞા થાય છે. જોઇએ એવી કદર થઇ શકતી નથીજ. જૂઓ ! પોતાની સ્ત્રી ગમે તેટલી રૂપવંતી હોય તો પણ તેનો અનાદર કરી મુગ્ધ લોકો પરસ્ત્રીનો સંગ કરે છે અથવા ગંગા ગામને પાદરે વહેતી હોય તેને તજી લોકો કૂવાનું પાણી વાપરે છે તેથીજ કહેવત ચાલે છે કે ‘ અતિ પરિચયાત્ અવજ્ઞા ’

૨ સુવર્ણમાં સુગંધ નથી. શેલડીને ફળ બેસતું નથી. ચન્દનનાં વૃક્ષને ફૂલ બેસતાં નથી. વળી વિદ્વાન્ લક્ષ્મીપાત્ર થતો નથી. અને કદાચ તેમ થયો તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંબુ જીવતો નથી તેથી સમજાય છે કે પહેલાં વિધાતાને કોઇ ભલો બુદ્ધિશાળી સલાહકાર મળેલો નથી.

૩ ફણીશ્વરના માથે રહેલા રત્ન ઉપર, કૃપણના ધન ઉપર, સતી પતિવ્રતા સ્ત્રીનાં સ્તન ઉપર. કેસરી સિંહની યાળ ( કેશ જટા ) ઉપર અને સ્વાભિમાનીને શરણે ગયેલા ઉપર, મૃત્યુ વશ થયા વગર કોઇ હાથ નાખી શકે નહિ. તેમને આંગળી અડાડવી પણ ભારે થઇ પડે છે તો પછી તેમનો પરાભવ કરવાનું તો કહેવુંજ શું ? તેમનો પરાભવ કરવા જતાં પોતાનાજ પ્રાણનો નાશ થવા પામે છે.

૪ મૂર્ખ-અજ્ઞાનને મહા ધનાઢ્ય દેખીને વિદ્વાન્ માણસે નિર્દોષ વિદ્યાનો અનાદર કરવો નહિ. કુલટા વેશ્યાઓને રત્નનાં મુગટવાળી દેખીને આર્ય નારીઓ ( પવિત્ર પતિવ્રતા સ્ત્રીઓ ) કુલટા થઇ જાય શું ? નહિજ. જેમ સતી સ્ત્રીઓ પોતાના પવિત્ર શીલનેજ સાર-શણગાર-અલંકારરૂપ લેખે છે તેમ વિદ્વાન્ પુરૂષો પણ વિદ્યા ધનનેજ સર્વ ધનમાં પ્રધાન ધન સમજી યત્નથી તેનું સંરક્ષણ કરે છે.

૫ જે જેના ગુણાતિશય ( ગુણ ગૌરવ ) ને જાણતો નથી તે તેની સદાય નિંદા-અવજ્ઞા-આશાતના કર્યા કરે છે તેમાં કંઇ વધારે નવાઇ જેવું જણાતું નથી. જૂઓ ! ભીલડીને હાથીના કુંભસ્થળમાં પાકતા સાચા મોતીની કંઇ પણ કિંમત નહિ હોવાથી તેનો અનાદર કરી એ બાપડી રાતી ચણોઠી ઉપર મોહી પડી તેનેજ ધારણ કરી લે છે. તેમ જે નિર્ગુણી હોય તે ગુણવંતની કદર કરી શકે નહિ. ઝવેરી હોય તેજ રત્નની પરીક્ષા કરી જાણે. ઇતિશમ્

## वैराग्यविषये धर्म.

## શું વૈરાગ્યથી ધર્મ પ્રાપ્ત થાય છે ?

### લેખક—મુનિ મણિવિજયજી મુ. લુણાવાડા.

( પુષ્પ છેલ્લું )

વૈરાગ્ય—પ્રિય બંધવ ! વૈરાગ્ય એટલે ભવનિર્વેદ, સંસાર થકી ઉદ્વિગ્ન થવું, સંસારની અસારતાનું ચિંતવન કરવું તથા શુદ્ધ ચિત્ત કરી સંસારના દરેક પદાર્થ ઉપરથી મૂર્છા ઉતારી પરમ ભાવના ભાવવી. તે એવી રીતે આત્માને સમજાવવો, કે હે ચેતન ! દુનિયાના દરેક પદાર્થો કેવળ કર્મવૃદ્ધિના હેતુભૂત છે માટે તે ઉપર જે મોહદશા છે, તેના થકી તું વિરામ પામ. આવી રીતે વિચાર કરી પુદ્ગલની તેમજ સંસારની અનિત્યતાનું ચિંતવન કરવું તેને વૈરાગ્ય કહેવામાં આવે છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

आयुर्वर्षशतंनृणां परिमितं रात्रौ तदर्धंगतं,
तस्यार्धस्यकदाचिदर्धमधिकं वार्धक्ये बाल्येगतं ।
शेषं व्याधिवियोगशोकसहितैः सेवादि निर्नियते,
जीवे वारितरंग चंचलतरे सौख्यंकुतः प्राणिनां ॥१॥

**ભાવાર્થ**—આ દુષમ કાળને વિષે મનુષ્યોનું આયુષ્ય સો વર્ષના પ્રમાણવાળું કહેવાય છે, તેમાં પણ અર્ધ આયુષ્ય રાત્રિને વિષે ગયું, તેનું અર્ધ કાંઈક વિશેષ બાલ્યા અવસ્થામાં તથા વૃદ્ધાઅવસ્થામાં ગયું તથા બાકી રહેલું વ્યાધિ, વિયોગ, શોક, સેવાદિ કર્ત્તવ્યમાં ગયું. પાણીના કલ્લોલના સમાન જેને ચંચળ પ્રાણ રહેલા છે, એવા સંસારી પ્રાણીઓને સુખ કયાંથીજ હોય ? વળી પણ કહ્યું છે કે—

यतः—

क्वचिद्वीणानादः क्वचिदपि हहाहेति रुदितं,
क्वचिद्विद्वद्गोष्टी क्वचिदपि सुरामत्त कलहं ।
क्वचिद्रम्यारामा क्वचिदपि जराजर्जर तनु,
नंजाने संसारे किम मृतमयः किं विषमयः ॥ १ ॥

**ભાવાર્થ**—આ દુનિયાને વિષે કોઈ જગ્યાએ વીણાના મનોહર શબ્દ વાગી રહ્યા છે, કોઈ જગ્યાએ હા ! હા ! હા ! ઇત્યાદિ પ્રકારના વિલાપના શબ્દોના સાથે હાય પીટ થઈ રહી છે, કોઈ જગ્યાએ વિદ્વાન પુરૂષોની જ્ઞાનમય નાના પ્રકારની ગોષ્ટી વાર્તા–ચર્ચા ચાલી રહેલી છે, કોઈ જગ્યાએ દારૂના પાન કરવાથી મદોન્મત્ત થઈ ગયેલા દારૂડીયા લોકો કલેશને કરી રહેલા છે, કોઈ જગ્યાએ ઉત્તમ પ્રકારના શૃંગાર વસ્ત્રાભૂષણને ધારણ કરનારી મનોહરા એવી નવયૌવના વયવાળી સ્ત્રીયો વિવિધ પ્રકારની ક્રિડાને કરી રહેલી છે, ને કોઈ જગ્યાએ વૃદ્ધાવસ્થાથી સર્વથા જર્જરીભૂત થઈ ગયું છે શરીર જેનું એવી વૃદ્ધ સ્ત્રીયો ઘરના એક ખુણાને વિષે શૂન્ય ચિત્તે પડી રહેલી છે. અહો ! અહો ! મહા આશ્ચર્યની વાત છે કે આ સંસારને વિષે અમૃતમય શું છે ? અને ઝેરમય શું છે ? તેની ખબર પડી શકતી નથી. સંસારને વિષે ઝેરમય પદાર્થને અમૃત સમાન પ્રાણીઓ માને છે તે તેની અજ્ઞાન દશાજ છે, પરંતુ બીજું કાંઇ પણ નથી. તત્વ દૃષ્ટિથી વિચાર કરે તો સંસાર કેવળ ઝેરનોજ ભરેલો છે. તેને વિષે અમૃતનો લવલેશ માત્ર નથી. વળી પણ કહ્યું છે કે—

यतः—

कुमुदवनमपश्रि श्रीमदंभोजखंडं, त्यजतिमुदमुलूकः प्रीतिमांश्चक्रवाकः ।
उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं, हत विधि ललितानां ही विचित्रोविपाकः ॥१॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—જ્યારે ઉદયાચલ ઉપર સૂર્ય ઉદયને પામી ગગન મંડળને શોભાવે છે, ત્યારે રાત્રિ વિકાશિત કમળોનું વન જે છે તે સંકોચાઇ જાય છે અને સૂર્ય વિકશિત કમળોના વનો જે છે તે વિકસ્વરપણાને પામે છે, તે સમયે ઘુવડ પક્ષી હર્ષનો ત્યાગ કરે છે અને ચક્રવાક પક્ષી પ્રીતિને ધારણ કરે છે; કારણ કે ચંદ્રમાના ઉદયથી ચક્રવાકને ચક્રવાકીનો વિજોગ થાય છે અને પ્રભાતે સૂર્યનો ઉદય થયાથી બન્નેનો પાછો સંજોગ થાય છે તેથી ચક્રવાક પક્ષી પ્રીતિને ભજવાવાળો થાય છે; વળી સૂર્યના ઉદય પામવાથી ચંદ્રમા અસ્તપણાને પામે છે. કર્મની ચિત્ર વિચિત્રતાવાળા પ્રાણીયોનો વિપાક પણ તેવી રીતે ચિત્ર વિચિત્રજ રહેલો છે. કહેવાનો તાત્પર્ય એ છે કે એકજ સૂર્યના ઉદયથી કોઇને શોક તેમજ કોઇકને હર્ષ થાય છે, તેમજ આ અસાર સંસારને વિષે પ્રાણીયોને કાંઇકિ દુઃખ ને કાંઇક સુખ તથા કેટલાક પ્રાણીયોને એકાંત દુઃખ પણ રહેલું છે, તથાપિ પામર પ્રાણીગો તેને સુખ માને છે તે પણ કર્મની વિચિત્રતા વિના બીજું કાંઇ પણ નથી. આવા દુઃખમય સંસારને વિષે જીવો બિચારા પરિભ્રમણને કર્યાજ કરે છે. કહ્યું છે કે—

**यतः उक्तंसिद्धांतेऽपि**

**एगिंदिआ उ सव्वे, असंखउस्सप्पिणीसकायंम्मि ।**
**उववज्जंतिमरंतिअ, अणंत काया अणंताउ ॥ १ ॥**

**ભાવાર્થ**—એકેંદ્રિય સર્વે અસંખ્યાતિ ઉત્સર્પિણી અવસર્પિણી સુધી સ્વકાયને વિષે ઉત્પન્ન થાય છે ને મરણ પામે છે, તેમજ અનંતકાયના જીવો સ્વકાયને વિષે અનંતી વાર જન્મ મરણને કરે છે. તથા—

**यतः—**

**संखिज्जसमा विगला, सत्तह जवापणिंदितिरिमणुआ ।**
**उववज्जंतिसकाए, नारयदेवानोचेव ॥ १ ॥**

**ભાવાર્થ**—વળી વિકલેંદ્રિય એટલે દ્વીંદ્રિ ત્રીંદ્રિ તથા ચતુરિંદ્રિયો જે તે સ્વકાયને વિષે સંખ્યાતા જન્મ મરણને કરે છે, તિર્યંચ પંચેંદ્રિ તેમજ મનુષ્યો જે સ્વકાયને વિષે સાત આઠ વાર ઉત્પન્ન થાય છે, નારકી તેમજ દેવતા મરીને પોતાની કાયમાં ઉત્પન્ન થતા નથી. એટલે નારકી મરીને નારકીમાં અને દેવ મરીને દેવ થતા નથી. વળી પણ કહ્યું છે કે—

**यतः—**

**न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मिया जत्थ, सव्वे जीवा अणंतसो ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—એવી કોઇ પણ જાતિ નથી, એવી કોઇ પણ યોનિ નથી, તેમજ એવું કોઈ પણ સ્થાન નથી કે કુળ નથી કે જેને વિષે સર્વે જીવો અનંતીવાર ઉત્પન્ન થયા નથી ને અનંતીવાર મરણ પામ્યા નથી. અર્થાત્ જીવો અનંતિ અનંતિવાર એકેક જાતિ, એકેક યોનિ, એકેક સ્થાન તેમજ એકેક કુળને વિષે અનંતીવાર જન્મ મરણ પામેલા છે. વળી પણ કહ્યું છે કે—

**यतः——**

चउद्दसरज्जुपमाणे, लोगे ठाणंपि तिल्लतुसपमाणं,
तं नत्थि जत्थ जावा, नय पत्ता जम्म मरणाणि ॥ १ ॥

**ભાવાર્થ**—ચૌદરાજ પ્રમાણવાળા લોકને વિષે એક તિલતુષમાત્ર (જગ્યાવાળું સ્થાન બાકી નથી કે જે સ્થાનને વિષે જીવો જન્મ મરણને નથી પામ્યા. વળી કહ્યું છે કે—

**यतः——**

आनंदाय न कस्य मन्मथकथा कस्य प्रिया न प्रिया,
लक्ष्मीः कस्य न वल्लभा मनसि नो कस्यांगजः क्रीडति,
तांबूलं न सुखाय कस्य न मतं कस्यान्नशीतोदकं,
सर्वाशाद्रुमकर्त्तनैकपरशुर्मृत्युर्न चेत्स्याज्जनेः, ॥ १ ॥

**ભાવાર્થ**—પ્રાણીયોની સર્વ આશારૂપીવૃક્ષને કાપવામાં કુહાડા સમાન એક મૃત્યુ ન હત તો કામદેવની વિષયજન્ય કથા કોને વહાલી ન લાગત? અત્યંત મનોહરા સ્રી કોને પ્રિય ન હત? લક્ષ્મી પણ કોને વલ્લભ ન હત? કોના મનને પુત્રક્રિડા આનંદજનક ન લાગત? તાંબૂલ કોના સુખને માટે ન થાત? ઉત્તમ પ્રકારના ખાનપાન તેમજ શીતલ પાણી કોને હર્ષ ન ઉપજાવત? પરંતુ પુદ્ગલનો શડન પડન વિધ્વંસતાનો સ્વભાવ હોવાથી સંસારના તમામ પદાર્થો કેવળ દુઃખદાયીજ છે વળી કહ્યું છે કે—

**यतः——**

धर्मस्यावसरोस्ति पुद्गलपरावर्त्तैरनंतैस्तवा-
यातः संप्रति जीव हे प्रसहतो दुःखान्यनंतान्ययं।
स्वल्पाहः पुनरेष दुर्लभतमश्चास्मिन् यतस्वार्हतो,
धर्मं कर्त्तुमिमं विना हि नहि ते दुःखक्षयः कर्हिचित् ॥१॥

**ભાવાર્થ**—હે જીવ તું અનંત પુદ્ગલ પરાવર્ત્તન સંસાર ચક્રવાલને વિષે ભમ્યો અને ભમતો ભમતો મહા પુન્યોદયથી આ સમયે તું માનવ ભવને પામેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. વળી અનંત ભવોને વિષે અનંતા દુઃખોને સહન તેં કર્યાં છે, તો આ માનવ-ભવને વિષે આયુષ્યની અસ્થિરતા હોવાથી હાલમાં ત્હારે ધર્મકરણી કરવાના થોડાજ દિવસો છે, માટે તું ધર્મકરણી કરી લે, ફરી ફરીને તને માનવભવ પ્રાપ્ત થવો મહા દુર્લભ છે, માટે ધર્મને વિષે ઉદ્યમવંત થા. આર્હત્ કહેતા જિનેશ્વર મહારાજના કથન કરેલા ધર્મ વિના કોટીકાળે પણ તહારા દુઃખનો ક્ષય થવાનો નથી. જે માટે કહ્યું છે કે—

यतः—

शरीरं सुरूपं तथा वा कलत्रं, धनं मेरुतुल्यं वचश्चारुचित्रम्,
जिनेंद्रांघ्रियुग्मेमनश्चेन्न दत्तं, ततः किं ततः किंततः किं ततः किम् ॥१॥

ભાવાર્થ—રૂપવાળું શરીર હોય, મનોહરા સ્ત્રી હોય, મેરૂ પર્વતના સમાન ધન હોય તેમજ મનોહર તથા ચિત્તને હરણ કરનારા વચનો હોય, પરંતુ જિનેશ્વર મહારાજના ચરણકમલને વિષે જો ચિત્તને જોડયું નથી, તો રૂપાળા શરીર વડે કરીને શું ? રૂપાળી સ્ત્રી વડે કરીને શું ? તેમજ મેરૂ તુલ્ય ધન વડે કરીને શું ? તેમજ મનોહર વચન વડે કરીને પણ શું. અર્થાત્ જિનેશ્વર મહારાજની ભકિત વિના સર્વ વ્યર્થ જાણવું વળી પણ કહ્યું છે કે—

यतः—

अधीता न कला काचिन्न च किंचित् कृतं तपः,
दत्तं न किंचित् पात्रेभ्यो, गच्छत्येव वरं वयः, ॥ १ ॥

ભાવાર્થ—માનવભવ પામી કોઇ પણ કલાને ગ્રહણ કરી નહિ, કાંઇ પણ તપસ્યા પણ કરી નહિ તેમજ સુપાત્રને વિષે કાંઇ પણ દાન પણ દીધું નહિ તો શ્રેષ્ટ વય તે ફોગટ ગઇ સમજવી વળી પણ કહ્યું છે કે—

यतः—

श्रीमज्जिनेंद्रपदपंकजपूजनेन, ज्ञानक्रियाकलितसद्गुरुसेवनेन,
स्वाध्यायसंयमतपोविनयादिना च, कस्यापि पुण्यपुरुषस्य दिनानि यांति. ॥ १ ॥

ભાવાર્થ—શ્રીમાન્ જિનેંદ્ર મહારાજના ચરણકમલનું પૂજન કરવાવડે કરીને, જ્ઞાનક્રિયાવડે કરી યુકત એવા ઉત્તમ ગુરૂ મહારાજની સેવા કરવા વડે કરીને, સ્વાધ્યાય, ધ્યાન, સંયમ તથા તપના કરવાવડે કરી, તેમજ વિનયાદિકને અંગીકાર કરવાવડે કરી, કોઇ પુણ્યશાળી પુરૂષના દિવસો ધર્મકરણી કરવામાં જાય છે. અને તેજ પુરૂષનો માનવભવ સફળ ગણાય છે, આવી રીતે સંસારની અસારતાનું ચિંતવન કરવું તથા ધર્મકરણીનું અનુમોદન કરવું તેનું નામ વૈરાગ્ય કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જંબૂસ્વામી, ધનગિરિ તથા વયરસ્વામી વિગેરે ઘણાં દ્રષ્ટાંતો વૈરાગ્યને માટે કહેવાયલા છે, જેમાં જંબુસ્વામીનું દ્રષ્ટાંત કહે છે.

## શ્રી जंबूस्वामिद्रष्टांतो यथाः

રાજગૃહનગરને વિષે શ્રેણીકરાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ઋષભદત્ત નામનો શ્રેષ્ટિ હતો. જેને ધારિણી નામની સ્ત્રી હતી. પરંતુ તેણીને પુત્ર નહિ હોવાથી પુત્રની ચિંતામાં અધૈર્યવાળી તેમજ શોકને કરનારી ધારિણીને હર્ષ ઉત્પન્ન કરવા માટે એકદા શ્રેષ્ટિ તેને વૈભારગિરિ ઉપર ચૈત્યવંદન કરાવવા માટે લઇ ગયો. અને ત્યાં ચૈત્યવંદન કરી પાછા વળ્યા તે અવસરે સિદ્ધપુત્ર યશોમિત્ર નામના શ્રાવકને દીઠો, તેથી શ્રેષ્ટિયે તેને પુછયું કે તું કયાં જાય છે ત્યારે તેણે કહ્યું કે ઇંહાં ઉદ્યાનને વિષે પધારેલા એવા સુધર્માસ્વામી ગણધર મહારાજને વંદન કરવા જાઉં છું, તમો પણ ચાલો; તેથી તે સર્વે ગયા. ત્યાં ગણધર મહારાજને વંદન નમસ્કાર કરી સિદ્ધપુત્ર યશોમિત્ર બોલ્યો કે, હે ભગવન્! હે સ્વામિન્! જંબૂ કેવા હોય છે કે જેના નામથી જંબૂ નામનો દ્વીપ જગતને વિષે પ્રસિદ્ધિને પામ્યો.

ત્યારબાદ સુધર્માસ્વામિએ સર્વ વૃત્તાંત તેને વિસ્તારથી કહ્યો. તે અવસરે ધારિણીએ પૂછયું કે, હે ભગવન્! મહારે પુત્ર થશે કે નહિ ? ત્યારે સિદ્ધપુત્ર યશોમિત્ર બોલ્યો કે, સાધુઓ જાણતાં છતાં પણ આવા સાવદ્યને કહેતા નથી પણ તેં પૂછયું તેનો ઉત્તર હું તને આપું છું.

તિર્થંકર મહારાજના ગુણગ્રામાદિકના પ્રશ્નો કરતા ઇચ્છિત સંપત્તિ પ્રાપ્ત થાય છે. વળી તેં જ્યારે પ્રશ્ન પુછયો ત્યારે બીજા શકુનો પણ ઘણા સારા થયા છે, વળી તું સ્વપ્નને વિષે પણ ત્હારા ખોળામાં બેઠેલા શ્વેત કહેતા ધોળા સિંહના બાળકને દેખીશ, તે ઉપરથી જાણજે કે તને પુત્રની પ્રાપ્તિ થશે.

આવા વચનો સાંભળી હર્ષ પામી ધારિણી બોલી કે જો તમો કહો છો તેમ થશે તો, જંબૂવૃક્ષ દેવના નામના ૧૦૮ આંબેલ કરશું. એમ કહી સર્વ નગરને વિષે ગયા.

અન્યદા સ્વપ્નને સૂચિત વિદ્યુન્માલી દેવ પાંચમા દેવલોક થકી ચવી ધારિણીની કુક્ષિને વિષે ઉત્પન્ન થયો, તેથી ધારિણીને જિનેશ્વર મહારાજ તથા સાધુઓને પૂજવાનો ડોહોળો ઉત્પન્ન થયો, તે તેણે પૂર્ણ કર્યો.

સંપૂર્ણકાળે પુત્રનો પ્રસવ થયો અને તે જંબૂદેવની સાનિધ્યપણાથી થયેલ હોવાથી તેનું નામ જંબૂકુમાર પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામી તે જંબૂકુમાર યૌવન અવસ્થા પામ્યા ને સુધર્માસ્વામી પાસે બ્રહ્મવ્રતને ગ્રહણ કરી માતા પિતાના પાસે દિક્ષાની રજા માગી.

માતાપિતાએ પણ દિક્ષાને માટે અરૂચી બતાવતા તથા વિલાપ કરતાં કહ્યું કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પુત્ર, એક વખત કન્યાઓનું પાણિગ્રહણ કરી, અમારા મનોરથ પૂર્ણ કરી અમોને કૃતાર્થ કર. પછી અમો પણ તારી પછી દિક્ષા લેશું.

ત્યારબાદ માતા પિતાના આગ્રહથી જંબૂકુમારે આઠ કન્યાનું પાણિ ગ્રહણ કર્યું.

વિવાહ થયા બાદ જયપુર નગરનો સ્વામિ વિંધ્ય રાજાનો પુત્ર પ્રભવો નામે ચારસો નવાણું ચોરોને લઇ જંબુસ્વામિના ઘરમાં ચોરી કરવા આવ્યો. લક્ષ્મીની ચોરી કરતા હતા તે વખતે જ ચોરોને શાસનદેવે સ્તંભન કરી દીધા, તેથી પ્રભવો જંબૂસ્વામીને કહેવા લાગ્યો કે, હે કુમાર, અવસ્વાપિની નિદ્રાની વિદ્યા તથા તાળા ઉઘાડવાની વિદ્યા તમે મ્હારા પાસેથી લ્યો તથા છોડી મુકવાની સ્તંભન કરવાની વિદ્યા આપો, ત્યારે જંબૂસ્વામિ બોલ્યા, આ સર્વ લક્ષ્મી તેમજ સ્ત્રીઓનો, ત્યાગ કરી પ્રભાતે મ્હારે દિક્ષા લેવી છે. આવી રીતે કહી મધુબિંદુના દૃષ્ટાંતથી પ્રભવાદિક ચોરોને બોધ કર્યો તેથી તે સર્વે પણ દિક્ષા લેવા તત્પર થયા.

ત્યારબાદ જંબૂકુમારે પોતાના માતા પિતા સહિત તેમજ પોતાના સાસરા સમુદ્ર ૧ સમુદ્ર પ્રિય ૨ સમુદ્ર દત ૩ સાગર દત્ત ૪ કુબેરસેન ૫ વૈશ્રમણદત્ત ૬ વસુસેન ૭ વસુપાળ ૮ તેમજ સાસુઓ પદ્માવતી ૧ કનકમાલા૨ વિનયશ્રી ૩ ધનશ્રી ૪ કનકવતી ૫ શ્રીષેણા ૬ -હીમતિ ૭ જયસેના ૮ તથા પોતાની સ્ત્રીયો સીંધુમતિ ૧ પદ્મશ્રી ૨ પદ્મસેના ૩ કનકસેના ૪ નાગસેના ૫ કનકશ્રી ૬ કમલાવતી ૭ જયશ્રી ૮ તેમજ પ્રભવાદિક પાંચસો ચોરો સહિત જંબૂવૃક્ષ દેવે સાનિધ્ય કરવાથી સુધર્માસ્વામી ગણધર મહારાજના પાસે દીક્ષા લીધી.

ઘણાં વર્ષ છદ્મસ્તપણામાં વિચરી, કેવળજ્ઞાન પામી, ઘણાં ભવ્ય જીવોને પ્રબોધ કરી—પ્રાંતે બલાહક પર્વતને વિષે જઇ અણસણ કરી જંબૂસ્વામી કેવળજ્ઞાની મહારાજ નિર્વાણપદને પામ્યા.

इति वैराग्ये श्री जंबूस्वामि संबंध संपूर्णः

यतः—

लज्जातो भयतो वितर्कवशतो मात्सर्यतः स्नेहतो,
लोभादेवहठाभिमानविनयश्रृंगारकीर्त्यादितः,
दुःखात् कौतुकविस्मयव्यवहृतेर्भावात् कुलाचारतो,
वैराग्याच्च भजंति धर्ममसमं तेषाममेयंफलम् ॥ १ ॥

ભાવાર્થ—લજ્જા થકી, ભય થકી, વિતર્કના વશવર્ત્તિપણાથી. મત્સર થકી, સ્નેહથી, લોભથી, હઠથી, અભિમાનથી, વિનયથી, શૃંગારથી, કીર્ત્તિથી, દુઃખથી,

શ્રી જંબૂસ્વામી મહારાજનું વિસ્તારથી ચરિત્ર જેને વાંચવાની ઇચ્છા હોય તેણે અમારૂં છપાવેલ શ્રી જંબૂસ્વામી ચરિત્ર ( ભાષાંતર ) ગ્રંથ મંગાવવો.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૌતુકથી, વિસ્મયથી, વ્યવહારથી, ભાવથી, કુલાચારથી તેમજ વૈરાગ્યથી આરાધન કરેલો ધર્મ અમેય ફળને આપવા સમર્થમાન થાય છે.

શિવાય શિયળને વિષે, ક્ષમાને વિષે, સમ્યકત્વને વિષે તેમજ પ્રભાવિકપણાને વિષે પણ ધર્મ રહેલો છે.

આવો ધર્મ જગતને વિષે સર્વે ભવ્ય જીવોને શ્રી ગુરૂમહારાજે ઉપદેશ કરેલો છે, તે ધર્મનું કપટ રહિતપણે તેમજ મન, વચન કાયાના યોગોની શુદ્ધિથી આરાધન કરવાથી ઇહલોકે તથા પરલોકે મહા લાભને માટે થાય છે.

માટે ઉત્તમ પ્રાણિઓ ધર્મનું જ આરાધન કરી મંગલિકની માલાને પ્રાપ્ત કરી સદ્દગતિના ભોક્તા થવું એ જ માનવજન્મનું સાર્થક છે.

( સમાપ્ત. )

# શ્રી વીર કર્ણ વેધ.

## મંદાક્રાન્તા.

૧

ઉગે ભાનુ નભ હરષતા પૂર્વમાં ઉછળે છે,
પક્ષી પ્રેમે ગૃહ પરહરીને ચાર માટે ફરે છે;
હા! અન્ધારૂં સકળ પ્રગટયું ત્હોય શાન્તિ વને છે,
કિન્તુ વા'ના જબર જપટાં વા'ય વૃક્ષો પરે છે.

૨

પાસે વે'તી જળસુધરણી! નિર્મળ નીર નિત્યે,
ઝટે ત્હેના વનચર પ્રાણી પાન કર્તા દીસે છે;
ત્યાં જુથો જો તરૂવર લીલે વર્ણ આપે અપારે,
પેખે નેત્રો સહજ બનતાં શીતળા સંકનારે.

૩

નીચે ઉભા મુનિવર વસ્ત્રે કો મહાત્મા અરેરે,
કાયા કાચી તસ નીરખતે તે તપી ત્હો કળાયે;
કાન્તિ ફીકી પણ સુન્દરતા ઝાંખ મારે ન લેશે,
હા! હા! ધન્ય ભયક સ્થળમાં છે ખડા ધાક મુકી.

૪

હાથો બન્ને તસ શ્રમણના લીન્ચતાં ભાઁમીં સ્હામે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને નેત્રો જો ! ઢળક પડતાં દીષતાં છે લગારે;
મોંઢાં ધરાં નવ ઉગડને પાદ છે સ્થીર મુક્યાં,
શ્રાસોશ્રાસો જરૂર પડતાં લેત નીશ્રે જણાયે.

૫

દૃષ્ટિ ગાત્રે પડત તહીંથી ખૂનની રેલ જામી.
કમ્પી ઉઠયું હૃદય નીરખે તેજના ઝંખ પામી;
નીદેષી આ મુનિવર કર્ણે ખીલ ક્રુરે જડેલાં,
હા ! ને કી શું મન ઉભરીના ઘા કરે તીવ્ર પ્હેલાં.

૬

ત્યાં બે પાસે યુગલ નરજો ! છેખડા શોક ધારી.
પીડા પેખી હૃદય બળતે રેમ તા અંગ આવી;
હા ! હા ! હાવાં ! દુઃખદ સહની વીર ને ધન્ય છે ને !
જે આત્માર્થી અચળ રહીને કષ્ટ ભારે સહે છે !

૭

એ કે લીધી કરવટકી જ્યાં શીશ નીચે નમેલી.
બીજા હાથે સરસ લુહની સાળસી છે જે સજેલી.
જેથી કાઢે મુનિવર કર્ણે, ખીલ છે જે જડેલાં,
એ ચીતારે શકળ જનની આત્મ શું પીગળે ના.

૮

આકૃતિ આ ? મન હરણી શી ! દીપતી વીર ત્હારી !
મુખાર્વિન્દે હરષ ભયની, ભ્રાંત દૂરે ટળેલી.
હું ત્હો ત્હારા ચરણ રજનો દાસ છું સર્વદારે
અર્પી સેવા ભવજળ તીરે પાર કરશો કૃપાળા.

**शान्ति ! शान्ति । शान्ति**

**ઉત્પાદક.**

*Shayla D. Trikamji Keshavji*

## જૈન દ્રષ્ટિએ એક નરરત્ન.

**ચાલતા વર્ષની** તા. ૧૯ મી ફેબ્રુઆરીની રાત્રિએ શ્રીયુત્ ગોપાળકૃષ્ણ ગોખલેનો આત્મા અસાધારણ પરોપકારી જીવનથી ઘણે અંશે કૃતકૃત્ય થઇ એમના દેહને તજી અન્ય દિશામાં પ્રયાણ કરી ગયો છે, એ હીંદવાસી સહૃદય મનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષ્યોને વિદિત છે. લગભગ દરેક પત્રકારે એમના આત્માને બની શકે તેવી રીતે સ્મરણ ગોચર કરી, તે તરફ સ્વબુદ્ધિ અનુસાર ગુણદૃષ્ટિએ પ્રેમની લાગણીઓ વ્યક્ત કરતાં એ નરરત્નના આત્માના ગુણોની સમીક્ષા કરી યથાશક્તિ સંતોષ માન્યો છે. ખાસ કરીને મૃત્યુ પછી પ્રત્યેક ગુણવાન્ મનુષ્યની વાસ્તવિક કીંમત થાય છે, એ સ્થિતિ ઘણે અંશે સત્ય લાગે છે. 'ગોપાળરાવ જેવા રાજમાન્ય અને લોકમાન્યની પણ ખરી ઓળખાણ એમની હયાતીમાં કોઇને થઇ નથી' એ પ્રો૦ **પટવર્ધનનું** કથન પૂર્વોક્ત સત્ય સ્થિતિને સર્વાંશે મળતું આવે છે; શ્રીમદ્ **આનંદઘનજીનું** દૃષ્ટાંત જૈનદર્શનમાં ખાસ કરીને આ સ્થિતિની મજબૂત સાક્ષી આપી શકે છે. એમની ઓળખાણ એમના પોતાના જમાના કરતાં લગભગ એક સૈકા પછીના જમાનાએ પ્રબળપણે કરાવી છે, અને એ સત્પુરૂષના હૃદયની ઘટનાઓ અનેક સ્વરૂપે બહાર મૂકાઇ છે

આટલું નિવેદન કર્યા પછી અમારે કહેવું જોઇએ કે આજે અમે શ્રીયુત્ ગોખલેનું જૈનદૃષ્ટિએ કાંઇક અવલોકન કરવા ઇચ્છીએ છીએ; આ ઉપરથી જૈન દૃષ્ટિના અર્થને સંકુચિત સ્થિતિમાં યોજનારા વર્ગને આશ્ચર્ય થશે કે શું ગોખલે જૈનધર્મ પાળતા હતા? આનો ઉત્તર અમારે નકારમાં આપવા સાથે કહેવું પડશે કે જૈનદૃષ્ટિના વ્યાપક અર્થને ધ્યાનમાં લઇ એમના ગુણોના આવિર્ભાવને જૈનદૃષ્ટિ સાથે સરખાવી; એ સંબંધમાં વિચારી, જેટલા અંશે એમનામાં જૈનદૃષ્ટિએ યોગ્યતા હતી, એનો ઉહાપોહ કરવો, એ વ્યાપક જૈનદૃષ્ટિને સર્વાંશે આવકારદાયક છે. એમ માની આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વિશાળ જૈનદૃષ્ટિ પ્રત્યેક મનુષ્યના આત્મગુણને સ્પર્શે છે, એ જૈનદૃષ્ટિનું બારીક જ્ઞાન ધરાવનારા પુરૂષો સમજી શકે છે. શું શ્રીયુત્ ગોખલે જેવા હિંદનો ઉદ્ધાર ઇચ્છવાવાળા અસાધારણ પુરૂષને જૈનદૃષ્ટિ પોતાની બહાર રાખી શકે? જૈનદૃષ્ટિ એટલી બધી સંકુચિત નથી કે ગુણોને તિલાંજલી આપી તેના તરફ દુર્લક્ષ્ય રાખી, પોતાના અમુક આચારને જ માનનારને પોતાની કોટિમાં સ્થાન છે, એવી માન્યતા રાખે. શ્રીયુત્ ગોખલે જેવા નરરત્નને જૈનદૃષ્ટિમાં જોઇએ તેટલું સ્થાન છે, અને જૈનદર્શનની માન્યતાનો દાવો ધરાવનારા પણ ગુણહીન વ્યક્તિઓ કરતાં વિશેષ પ્રમાણમાં તેઓ જૈનદૃષ્ટિએ અગ્રપદે વિરાજે છે. હવે આપણે એમના કેટલાક ગુણોનું સિંહાવલોકન કરી જૈનદૃષ્ટિ સાથે સરખાવીએ.

**સ્વાર્થત્યાગ:** મનુષ્યને પોતાનું તુચ્છ અહંત્વ–મમત્વ ( self-centredness ) ઓગાળી વિશ્વસેવાની વેદીમાં પોતાના સુખસાધનો અને દ્રવ્યલાલસાની આહુતિ આપવી એ ઓછું દુર્ઘટ કાર્ય નથી. અન્યના હિત અર્થે નાના મોટા સ્વાર્થોની અવગણના કરવી, તેમના સુખ અને તૃપ્તિમાં પોતાનાં સુખ અને તૃપ્તિ ઉપજાવી લેવાં, મનુષ્યોના ઉદ્ધારની વૃત્તિનો સર્વાંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવ થવો એ સ્વાર્થત્યાગની દિવ્ય ભાવનાનો રાજમાર્ગ છે. અન્ય મનુષ્યોની સરખામણીમાં આવા સ્વાર્થત્યાગવાળો મનુષ્ય અસાધારણ શબ્દથી અંકિત થાય છે. 'હું મારે અર્થે નહિ પણ પરને અર્થે છું') એ ભાવનાની સિદ્ધિમાં જ (consciousness) સ્વાર્થત્યાગનું લક્ષ્યબિંદુ છે. આવા લક્ષણુવાળા સ્વાર્થત્યાગની શરૂઆત ઇ૦ સ૦ ૧૮૮૮ માં રા. સા. રાનડેનો સંબંધ થતાં થઇ હતી. તે વખતે સાર્વજનિક સભાનું ત્રૈમાસિક ચલાવવાનું કાર્ય તેમને સોંપવામાં આવ્યું હતું, પરંતુ એમના મિત્ર આગરકરના દૃષ્ટાંતથી નિષ્કામવૃત્તિથી લોકસેવા કરવાનું તેમજ ધનસંચય તરફ દૃષ્ટિ ન રાખતાં ઉચિત કાર્યને પૂર્ણ કરવાનું તત્ત્વ એમના અંતરમાં ઠસ્યું હતું. સંપાદક તરીકેની મહેનત બદલ સાર્વજનિક સભા તરફથી આપવાનો ઠરાવેલો પગાર લેવાની એમણે ના પાડી અને મફત કામ કર્યું. એ પછી કોંગ્રેસદ્વારા એમણે બજાવેલી સેવા, હીંદુસ્તાનના લોકોને રાજકર્ત્તાને શાંતિથી અરજ કરી તેમની પાસેથી વધારે હકો અને સગવડો પ્રાપ્ત કરાવવ એમનું વિલાયત ગમન, ત્યાં ચોક્કસ સવાલોનો અભ્યાસ કરી હીંદ માટે ઉપયોગિતા સંપાદન કરવાનું એમનું અચૂક લક્ષ્ય, અને છેવટે એજ કાર્યમાં અંતપર્યંત દૃઢતાથી એમની અથાગ પ્રવૃત્તિ—એ સર્વમાં એ સ્વાર્થત્યાગ ઓતપ્રોત હતો. એ એમનું જીવન અચ્છી રીતે પ્રકાશ આપી આપણને ગુણો તરફ અપૂર્વ માન ઉપજાવે છે.

**નિરાભિમાનતા:** એમના ચરિત્ર ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે એમનામાં નિરાભિમાનતા ઘણા અંશોમાં વિરાજિત હતી. માનવ પ્રકૃતિમાં અનેક પ્રકારના ભાવો જુદા જુદા પ્રસંગે જુદા જુદા નિમિત્તોને આશ્રીને પ્રકટ થતા દેખાય છે. કેટલાક ભાવો તો કુસુમના જેવા કોમળ હોય છે જેનું સ્મરણ કરવાથી તે સ્મરણ કરનારનું હૃદય પીગળે છે એટલુંજ નહિ પણ તેને સાંભળનારનું પણ હૃદય દ્રવીભૂત થાય છે. કેટલાએક ભાવે વળી એવા તીવ્ર હોય છે કે જેનો વિચાર કરતાં ભય અને કઠોરતાનો સંચાર થાય છે. અને તેમાં કરૂણા રસનો લેશ માત્ર સંચાર થતો નથી. મહાપુરૂષો જે ઓમાં હમેશાં કરૂણાના પ્રધાન અંશો પ્રકટેલા હોય છે તેઓના ભાવો આશ્રિત મનુષ્યો તરફ કોમળ પ્રવાહમાં વહતા હોય છે જ્યારે કેટલાક મનુષ્યો દુઃખના ડુંગરો આવી પડતાં છતાં સ્હેજ પણ ચલાયમાન થતા નથી. બીજાની મદદ માગવાના સેંકડો પ્રસંગો પ્રાપ્ત છતાં બીજાની દયા કે પ્રીતિની ભીખ માગવાનો વિચાર કરતા નથી અને પોતાના આત્માના બળ ઉપર નિર્ભય રહે છે. આવા પુરૂષોમાં એક પ્રકારનો કઠોર ભાવ છે એમ આપણને સ્પષ્ટ થાય છે. આમ હોઇ અભિમાન એ માનવ પ્રકૃતિનો એક પૂર્વોકત સ્વરૂપથી ભિન્ન સંયોગોવાળો કઠોર ભાવ છે અને તે પરપીડ હોય છે. જે અભિમાન બીજાની સ્વાધીનતા અને સન્માન ઉપર ગમે તે પ્રકારે આઘાત પહોંચાડવાથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ અનુભવે એટલે કે કોઇની પ્રતિષ્ઠા જોઇને હૃદયમાં સળગ્યા કરે એ કોઇ પણ વિચારક મનુષ્ય પ્રશસ્ય ગણી શકેજ નહિ. શ્રીયુત ગોખલેને એમના ગુણપૂજકો તરફથી અનેકશઃ પ્રશંસાના પ્રસંગો આવી પડતાં, તેમજ રાજમાન્ય અને લોકમાન્ય હોવાના સંબંધે રાજ્યના અધિકારી તરફથી પણ એમની બાહોશી માટે પ્રશંસા થતાં, અને સુરતમાં કોંગ્રેસનાં ભંગાણ પ્રસંગે કેટલાક યુવકો એમની મુલાકાતે જતાં પોતે અનેક ગુંચવણવાળા કાર્યમાં તલ્લીન છતાં બહુજ સાદી રીતે તે યુવકોની પાસે પોતાના ઉતારાના બંગલાથી નિરભિમાનપણે નીચે ઉતરી 'congress lost, reduced to dust, destroyed." એ શબ્દોથી ત્યાંનો વસ્તુ સ્વરૂપનું ભાન કરાવી પોતાની આંતર લાગણીઓ પ્રદર્શિત કરતા એ અનુભવેલા કોમળ સ્વરૂપને ધ્યાનમાં લેતાં એઓ આવા પ્રકારની વૃત્તિથીજ આગળ પ્રગતિ કરી શકયા છે એ નિઃસંશય છે. જો એમને પોતે બજાવેલા કાર્યો તરફ કીર્તિના લાલસારૂપે અથવા બીજી દિશામાં પ્રયત્ન કરતા પોતાની સરખા મનુષ્ય તરફ ઇર્ષ્યારૂપે પરિણામ થયું હોત તો તેમની પ્રગતિ એકદમ કુંઠિત થઇ જાત.

**વિવેકદૃષ્ટિ**

એકમાંથી અનેક, સામાન્યમાંથી વિશેષ, સમમાંથી વિષમ સજાતીયમાંથી વિજાતીય એ વિશ્વના પરિવર્તનનો એક નિયમ છે. જો સદાકાળ મનુષ્ય એકજ સૂત્રને અવલંબે તો પ્રગતિનો અવકાશ રહે નહિ. આમ હોઇ વિવેક દૃષ્ટિએ ઉભયદ્વંદ્વોનું યથાર્થ તોલન કરી આત્માને સુખ દુઃખનું કે સારા નરસાનું ભાન આપે છે. શ્રીયુત ગોખલેની વિવેક દૃષ્ટિએ રાજકીય પ્રવૃત્તિ દ્વારા લોકહિત સાધવાની પ્રતિજ્ઞા કરી હતી. અને એજ વિવેક દૃષ્ટિએ હિંદુસ્તાનની ઉન્નતિ અર્થે બ્રિટિશ સંબંધની આવશ્યકતા છે એ રાજકીય સૂત્ર દ્વારા મી. ગોખલે જે 'બોયકોટ અને સ્વદેશીઝમ' વચ્ચેનો તાત્વિક (essential) ભેદ સમજાવ્યો હતો. તે મી. રાનડે પાસેથી એ વિવેકદૃષ્ટિ એમને મળી હતી એમ કહીશું તો તે અયથાર્થ નથી. એમણે એ દૃષ્ટિને લીધે જોયું કે પરદેશી તરફ દ્વેષ અથવા શત્રુભાવ ધારણ કરવો એ ખરૂં સ્વદેશીઝમ નથી, પણ સ્વદેશનો આર્થિક ઉત્કર્ષ જે રીતે થાય તે માર્ગે પ્રવૃત્ત થવું એજ ખરેખરી સ્વદેશ વ્રતની ઉપાસના છે. આવી દૃષ્ટિથી જ તેઓ રાજા પ્રજા ઉભયનો સંબંધ એકત્રિત રાખીને કાર્ય કરી શકયા હતા. રાજકીય ઝીણામાં ઝીણી વસ્તુ સ્થિતિમાં ચંચુપાત કરવો અને એમાંથી રહસ્ય ખેંચી તેને વ્યવસ્થા પુરઃસર સમયોચિત મુકવું એ આવી દૃષ્ટિ શિવાય બની શકે જ નહિ અને એથી જ તેઓની ગણના લગભગ પ્રત્યેક હિંદવાસીના ગુણપાક્ષિક મગજમાં રમી રહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મનોબલ** મનોદ્રવ્યના આંદોલનો એટલા બધા વેગવાળા અને શકિતસંપન્ન હોય છે કે જેઓ તેનો જ્ઞાન પૂર્વક ઉપયોગ કરી શકે છે, તેઓ તેને ગમે તે સ્થળમાં પોતાનું ઇષ્ટ કાર્ય સાધવા માટે યોજી શકે છે. મનોબળવાળા મનુષ્યોની ઇચ્છા આપણી ઇચ્છા જેવી ફળશૂન્ય હોતી નથી. હજારો મનુષ્યોને તેઓ પોતાની ઇચ્છાનુસાર વર્તાવી એમને ઇચ્છિત પ્રવૃત્તિઓમાં ઘસડી જાય છે. આમ હોઇ શ્રીયુત ગોખલેના મનોબળે અનેક પ્રાણીઓનું આકર્ષણ કરી લીધું હતું. એમનો સતત્ પ્રચંડ અભ્યાસ, એમની '**સર્વન્ટસ ઓફ ઇંડિઆ સોસાઇટી**' ના સ્થાપન દ્વારા લોક સેવા અને વેલ્બી કમીશન આગળ એમણે દૃઢ નિશ્ચય પૂર્વક, હિંમતથી અને નિખાલસપણે આપેલી જુબાની એ સર્વ એમના મનોબળને આભારી છે.

**સ્વદેશભક્ત** આ ગુણ આત્માના જે અંશમાંથી ઉદ્ભવે છે, તે અંશ સ્વાર્થના વિવિધ અંશો સામે બળવો ઉઠાવે છે. આત્મ વિસર્જન પૂર્વક બંધુ સેવા એ વાસ્તવિક ભક્તિ છે. આવી ભકિત ઉત્પન્ન થવા માટે પ્રાણીઓમાં આત્મવત્ બુદ્ધિ થાય, તેઓનું સુખ દુઃખ એ પોતાનું સુખ દુઃખ છે એવી વિશ્વવ્યાપી વિશાળ ભાવના ઉદયમાન થાય અને મનુષ્યોના મોટા ભાગ તરફ પ્રેમની વૃત્તિ અનુભવાય એવા હૃદય વિસ્તારની પ્રથમ જરૂરીઆત છે આવા પ્રકારનો હૃદય વિસ્તાર શ્રીયુત ગોખલેમાં કેટલેક અંશે realised પ્રકટ થયો હતો અને એથીજ એઓ વાણી અને કર્મ ( activity ) ની એકતા સાધી શકયા હતા. એમની નસોનસમાં એ ભકિત પૂર્ણપણે ખીલી નીકળી હતી. જેમ એક તરફ સરકાર પાસેથી રાજકીય હકો મેળવવા યત્ન કરતા તેમ બીજી તરફ પ્રજા કેવી અજ્ઞાન દશામાં પડી છે એનું એમને સંપૂર્ણ ભાન હતું આથી પ્રજાનું આંતર જીવન જાણી એમની ઉન્નતિ કયા પ્રકારે અને કયા ધોરણો તૈયાર કરવી એ એમની સ્વદેશભક્તિનો અંતિમ સિદ્ધાંત હતો.

**સમગ્ર ગુણો** અહીં સુધી આપણે શ્રીયુત ગોખલેના ફકત પાંચ ગુણોનું કાંઇક અંશે અવલોકન કર્યું પરંતુ આ ગુણોની પાછળ તે તે સંબંધ રાખતા અનેક ગુણો તેમનામાં આવી નિવસેલા હતા એ સર્વનું અવલોકન કરવાને માટે કલમ અને વચનશકિત અપૂર્ણ છે. અને એથી જ એ અને એમના જેવા બીજી દિશામાં ઉચ્ચ પ્રગતિ કરનારા અનેક પુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પો ‘ વિશિષ્ટપણા ’ ને પામેલા છે. જેટલા પ્રમાણમાં મનુષ્ય પોતાના ઐહિક સુખોનો ભોગ આપી શકે તેટલા પ્રમાણમાં તે મહાન્ છે. ખાસ કરીને શ્રીયુત ગોખલે પ્રત્યેક વસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરવા પ્રયત્ન કરતા; એમની વિશાળ બુદ્ધિએ એમનું હૃદય ઘડયું હતું. અને એજ હૃદય પ્રદેશમાંથી રાજકીય સવાલો ઉપર પોતાનું સમગ્ર વલણ રાખી હિંદવાસીઓના ઉદ્ધાર તરફ એમની પ્રવૃત્તિ વેગવાળી હતી. એમની આસપાસની પરિસ્થિતિઓમાં એક એવા પ્રકારનું ચોક્કસ વાતાવરણ બંધાયું હતું કે જે અનેક અનુભવોની આપલે કરતાં છતાં એમના ઉચ્ચ ગુણોને પુષ્ટ કરતું હતું. અને એમના આરંભેલા કાર્યને સિદ્ધિ તરફ પ્રત્યેક પળે દોરતું હતું. જે ગુણોનું જવાહિર એમનામાં હતું તે એમના જીવન ઉપર એવો સુંદર પ્રકાશ પાડે છે કે એમનું ચરિત્ર સાંભળવા અને વિચારવા ગુણેચ્છક મનુષ્યો લલચાય અને એ દ્વારા પોતાની ઉન્નતિ કરવા પ્રેરાય. એમના મુખનું માધુર્ય અને સજ્જનતા છેવટની ઘડી સુધી ટકી રહ્યા હતા. અને એવા અનેક ઉથલપાથલવાળી વસ્તુસ્થિતિથી ઘડાઇ તૈયાર થયેલા આત્માને એવી સ્થિતિ ટકી રહે એમાં આશ્ચર્ય પણ નથી. જૈનદૃષ્ટિ જ્યાં જ્યાં ગુણો દેખે ત્યાં નમે છે. પ્રાણીઓના ઉદ્ધારની પ્રવૃત્તિ અનેક માર્ગે વિચારી અને કરી શકાય છે, પ્રાણીઓના ઉદ્ધારને માટે આધ્યાત્મિક (spiritual) પ્રવૃત્તિ કરનાર જુદી જ દિશામાં કાર્ય કરે છે અને તે ઘણા જ ઉચ્ચ સ્વરૂપવાળી છે. પણ જે ઉદ્ધાર કરવારૂપ ઇચ્છા પ્રકટવી અને એ ગુણનો અમુક અંશોમાં—પ્રાણીઓને ઉપકારક થાય તે અંશોમાં વિકાસ થવો એ જૈનદૃષ્ટિ પોતાની કોટિમાં સંગ્રહે છે અને ત્યાં ત્યાં ગુણ સંપત્તિથી આત્મા આશ્ચર્યવડે નમતો જણાય છે; જેથી શ્રીયુત ગોખલે દર્શન માન્યતાની અપેક્ષાએ અજૈન છતાં એમના ગુણોની પરિસ્થિતિએ જૈનદૃષ્ટિ વિચારી એમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને એવી ગુણાધિક વ્યકિતઓ અનેક દિશામાં જુદા જુદા કાર્ય પરત્વે પ્રાણીસેવા, દેશસેવા, અને ગુણસેવાદિ કૃત્યોમાં જોડાઇ ‘ અસાધારણ મનુષ્ય શબ્દથી અંકિત થઇ પ્રાણી માત્રને ઉપકારક બનો એવું ઇચ્છી વિરમીએ છીએ.

ત્રિજગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માના માનસીક કારણો.

ગયા અંકમાં "હું" નું ભાન જાગૃત કરવા સંબંધી કેટલીક પ્રાથમીક સુચના હમે આપી ગયા છીએ. પરંતુ તે લેખમાં માત્ર આત્મા સ્થૂળ શરીરથી ભિન્ન હોવાનું સિદ્ધ કરવા ઉપરાંત કાંઇ અધિક કહી શકયા નથી. સ્થૂળ શરીર એ માત્ર આત્માનું સૌથી ઉપરનું અને તુર્ત દૃષ્ટિ એ આવે એવું ભૌતિક આવરણ છે તેના કરતા સૂક્ષ્મ અને આત્માની સાથે વધારે નિકટનો સંબંધ ધરાવતા બીજા આવરણો પણ છે જે સામાન્ય મનુષ્યોને તુર્ત દૃષ્ટિમાં આવી શકતા નથી. અને તેમ છતાં તે સૂક્ષ્મ પડો પણ સ્થૂળ જેટલાજ આત્મસ્વરૂપથી ભિન્ન અને અતિરિકત છે સ્થૂળ અને સૂક્ષ્મ સર્વ આવરણોને આત્મા આ કાળે પોતાના કરણ (tools) અથવા હથીઆર (instruments) તરીકે વાપરે છે અને ખરી રીતે કરણો આત્માને એક ઉપાધી રૂપે નથી પરંતુ તેના વિકાસક્રમમાં આ કાળે તેને તે કરણો અત્યંત ઉપયોગી અને સાહાયક હોવાથી જ પ્રાપ્ત થએલા છે. તે આત્માની પ્રગતિ વિકાસ સંવર્ધન અથવા અભિવ્યકિત ને અર્થે આવશ્યક વસ્તુઓ છે, અને તેનો ઉત્તમ પ્રકારે ઉપયોગ કરવાથી આત્મા ઉન્નતિના મહા માર્ગમાં ગતિ કરી શકે છે.

આત્માથી જે કાંઇ અતિરિકત છે તેના પ્રત્યે આપણને ધિક્કારની દૃષ્ટિએ જોવાની ટેવ પડી ગએલી છે. આમાં ખરી રીતે દોષ કેટલેક અંશે આપણી પોતાની વસ્તુ સ્વરૂપની સમજણની ખામીનો અને મોટે અંશે તે વસ્તુ સ્વરૂપની જન સમાજને સમજણ પાડવા નિમાએલા મનુષ્યોનો-ધર્મગુરૂઓનો છે. પોતાથી જે કાંઇ પર છે તેને આપણા દુશ્મન રૂપે નિહાળવાની બુરી આદત એટલા ઉંડા મૂળ ઘાલી બેઠી છે, અને હજારો વર્ષથી તેને પ્રબળભાવનાનું એવું પોષણ મળતું રહ્યું છે કે આ કાળે તે વિષ વૃક્ષને હચમચાવવું એ કાર્ય પણ સાહસ ભરેલું ગણાવા યોગ્ય છે.

આ જુનુ અજ્ઞાન આપણને સત્યથી હમેશા દૂરને દૂર રાખે છે અને વસ્તુ સ્થિતિને ઉલટા રૂપમાં દર્શાવે છે. વિપરિત સમજણ હમેશા એમજ કરે છે. પરંતુ હવે આપણે સમજવું જોઇએ કે આપણને આ કાળે સાંપડેલા સ્થૂલ સૂક્ષ્મ કરણો દ્વારાજ આપણી ઉર્ધ્વગતિ સિદ્ધ થવાની છે. એથી તે કરણો પ્રત્યે આપણે તે પર હોવાના કારણથી તિરસ્કારની નજરે જોવું ન જોઇએ, પરંતુ આપણા સ્વરૂપની અભિવ્યકિત તેમના દ્વારા થવા નિર્માએલી હોવાથી તેમના પ્રત્યે આપણે અત્યંત સન્માન અને પ્રેમની દૃષ્ટિથી જોવાનું છે. આપણા શરીરનું રક્ષણ કરનાર વસ્ત્રો ઘર બાર આદિ આપણાથી ભિન્ન હોવાના સબબથી આપણે તેમના પ્રત્યે કાંઇ દ્વેષની દૃષ્ટિથી જોતા નથી. પરંતુ તેમને જેમ બને તેમ ઉત્તમ સ્થિતિમાં રાખવા ઉદ્યમશીલ રહીએ છીએ, તે પ્રમાણે આપણી નિકટની સ્થુળ સૂક્ષ્મ સામગ્રી પ્રત્યે આપણે ઉદાસીન ભાવથી અથવા આત્મસ્વરૂપને મુંઝવનાર ઉપાધી રૂપે ન જોતાં તે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પા૦ ૩૫૯ ની ફુટનોટ—ખુલાસો.

આત્માના માનસિક કારણોના આ લેખના આ પાનાના છેલ્લા પારિગ્રાફમાં તે લેખના લેખકે જણાવ્યું છે કે—

" ૧ શાસ્ત્રકારે કોઇ કોઇ સ્થળે ઇન્દ્રીયો પ્રત્યે અઘટતો ધિક્કાર દર્શાવ્યો છે. * વળી પોતાના નિયત પ્રદેશથી બહાર વધી જઇને જે ભાગ ઉપર હુમલો લઇ જવાનો ઇરાદો નહોતો તે ભાગ ઉપર પણ તેમણે વધારે પડતા પ્રહાર કરી લીધા જણાય છે. * અને શુભ પ્રવૃત્તિનો આવેગ બાંધેલી સીમાની બહાર ધસડી જઇને નહિ ધારેલું બોલાવી નાંખે છે. વગેરે વગેરે. "

તે બાબતમાં હકીકત એમ છે કે શાસ્ત્રકારોએ ઇન્દ્રીયો ઉપર અઘટતો ધિક્કાર દર્શાવ્યો નથી પરંતુ તેના વિષયો ઉપરની આસક્તિને માટે ધિક્કાર બતાવ્યો છે, અને કોઇ કોઇ સ્થળમાં ઇન્દ્રીયોને ધિક્કાર આપવામાં આવે છે, તે પણ માત્ર આસક્તિરૂપ જે કાર્ય તેનો કારણમાં ઉપચાર કરીને કોઇ કોઇ સ્થળે તિરસ્કાર બતાવ્યો છે. વળી શાસ્ત્રકારો પોતાના નિયત પ્રદેશની બહાર જઇને નહીં પરંતુ હદમાં રહીને હુમલો ન કરતાં માત્ર ઉપર મુજબ સ્વરૂપ બોધકપણું જણાવ્યું છે. શાસ્ત્રકારોને શુભ પ્રવૃત્તિ હોય છે, પરંતુ એવો આવેગ હોતો નથી કે સૂત્રના આશયની બહાર જઇને ગમે તે રીતે લખી જવાતું હોય !

" ૨ શાસ્ત્રાદિ સર્વ પરોક્ષ પ્રમાણો કરતાં વિવેક અને વિશુદ્ધ બુદ્ધિનું પ્રમાણ બળવત્તર છે," તે બાબતમાં જણાવવાનું કે પરોક્ષ પ્રમાણોના ભેદમાં વિશુદ્ધ બુદ્ધિના પ્રમાણનો સમાવેશ થાય છે, જેથી તે પણ પરોક્ષ પ્રમાણ હોઇને કોઇ વખત તે પ્રમાણ પણ બળવત્તર દેખાય છે.

" ૩ શાસ્ત્રવચનો એ માત્ર અંગુલિ નિર્દેશ જેવા છે, અને આંગળી ચિંધવા ઉપરાંત અધિક કશું જ કરી શકતા નથી." તે બાબતમાં હકીકત એ છે કે શાસ્ત્રો તો માત્ર સુચના કરનાર છે. કહ્યું છે કે—સૂચનાત્ સૂત્રમ્ ઇતિ વચન પ્રામાણ્યાત્ માટે શાસ્ત્રો અર્થના સુચક છે, પરંતુ બળાત્કારે પ્રવૃત્તિ કરાવતાં નથી, પ્રવૃત્તિ કરવી તે પોતપોતાને આધિન છે. આમાં લેખકનો આવો આશય હોવા સંભવ છે.

પ્રકાશક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સાંપ્રત વિકાસની ભૂમિકાએ અત્યંત આવશ્યક છે એમ ગણી તેને બને તેટલી સારી અને આપણા વિકાસક્રમમાં ઉત્તમોત્તમ સહાય આપી શકે તેવી કાર્યક્ષમ સ્થિતિમાં રાખવા જોઈએ.

આ લેખમાં હમે " હું " ના સૂક્ષ્મ કરણો સબંધી કાંઇક રૂપરેખા આપવા યત્ન કરીશું. તે કારણોનું સ્વરૂપ અને આત્માનું તેમના કાર્ય ઉપરનું સ્વામીત્વ સમજ્યા પછી તે કરણોનો આત્મા અત્યંત લાભપ્રદ ઉપયોગ કરી શકવા સમર્થ થાય છે. અને તે સૂક્ષ્મ સામગ્રી જે ઉદ્દેશથી આપણને પ્રાપ્ત થએલી છે, તે ઉદ્દેશ સિદ્ધ કરવા આત્મા શક્તિમાન બને છે. આ કાળે તે સામગ્રીનો આપણે સ્હેજ સરખો પણ ઉપયોગ કરી શકતા નથી. કારણકે તે આપણા આધિપત્ય તળે છે અને આત્માનું તેના કાર્યપ્રદેશ ઉપર સ્વામીત્વ છે એવા ભાનમાં હજી આપણે આવ્યા નથી. જનસમાજ જ્યારે તે સામગ્રીનું સ્વરૂપ સમજતો થશે અને તેનો ઉપયોગ કરી લાભ ઉઠાવવા જેટલી હદે આવશે ત્યારે આ વિશ્વનું રૂપ કાંઇ જુદા જ પ્રકારનું બની જશે. પછી મનુષ્ય હાલની તેની ઇન્દ્રીઓની ગુલામગીરીમાંથી મુક્ત થશે અને તેની ઇન્દ્રીઓનું બળ જે હાલ તેના અધઃપતન અર્થે વપરાય છે તે તેના ઉર્ધ્વગમન માટે વપરાતુ થશે. ટુંકામાં હાલમાં મનુષ્ય જે પશુ જેવો છે તે તેવો મટીને દેવ કોટીનો બનતો જશે. પરંતુ તે દૂરના ભાવિના રમણીય પ્રદેશમાં પ્રવેશવાનું આપણું વર્તમાન કર્તવ્ય નથી. હાલ તો તે ઉચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરવા માટે પ્રાથમીક બાળ ધોરણોમાં શિક્ષણ લેવાનું છે.

શાસ્ત્રકારોએ કોઇ કોઇ સ્થળે ઇન્દ્રીઓ પ્રત્યે અઘટતો ધિક્કાર દર્શાવ્યો છે ત્યાં તેમનો હેતુ એવો હતો કે મનુષ્યોએ તે ઇન્દ્રીઓના બળથી ઘસડાઈને પશુવૃત્તિના કિચડમાં રોળાવું ન જોઇએ. અને તે સામે ચેતવણી આપવાના ઇષ્ટ કર્તવ્યના આવેગમાં તેઓ જરા પોતાના નિયત પ્રદેશથી બહાર વધી જઇને, જે ભાગ ઉપર હુમલો લઇ જવાનો તેમનો મુદ્દલ ઇરાદો ન હતો તે ભાગ ઉપર પણ તેમણે વધારે પડતા પ્રહાર કરી લીધા જણાય છે. ઇન્દ્રીઓના બળનો ખોટો ઉપયોગ કરવા સામે લોકોને ચેતવવામાં તેમણે કોઇ કોઇ સ્થળે તે ઇન્દ્રીઓને દમી દમીને સત્વહિન, નિર્બળ અને ઢીલી કરી નાખવાનું સુચવી દીધું છે. પરંતુ એક મુદ્દા ઉપર વધારે ભાર મુકવાનો પ્રયત્ન કરવા જતાં હમેશાં એમજ બનવાનો સંભવ રહે છે. પછી હદ કે મર્યાદા રહેવા પામતી નથી અને શુભ પ્રવૃત્તિનો આવેગ બાંધેલી સિમાની બહાર ઘસડી જઇને નહિ ધારેલુ બોલાવી નાખે છે. ઇન્દ્રીઓના બળને શિથિલ કે પરાક્રમ હિન બનાવવાનો ઉપદેશ એ ઉન્નતિકર ઉપદેશ નથી, પરંતુ અવનતિના માર્ગે લઇ જનાર છે. અને જ્યાં જ્યાં કોઇ શાસ્ત્રકારોએ તેવો ઉપદેશ કર્યો હોય, ત્યાં ત્યાં તેમના શુભ આવેગનું હદ બહારનું પ્રમાણુ લક્ષમાં રાખી, અને તે આવેગના બળમાં જ તેવુ બોલાઇ ગયુ છે એમ ગણી, આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેકની હદમાં જ વસવું જોઇએ. હમેશાં સ્મૃતિમાં રાખવું જોઇએ કે શાસ્ત્રાદિ સર્વ પરોક્ષ પ્રમાણો કરતાં વિવેક અને વિશુદ્ધ બુદ્ધિનું પ્રમાણ બળવત્તર છે. શાસ્ત્રવચનો એ માત્ર અંગુલિ નિર્દેશ જેવા છે અને આંગલી ચીંધવા ઉપરાંત કશું જ અધિક કરી શકતા નથી. વિવેક બુદ્ધિને અજમાવી તેની કસોટી કરવાનો આપણો જન્મ હક ગુમાવવો એના જેવી બીજી કોઇ મુર્ખાઇ હોઈ શકે નહી.

આપણી વિવેક બુદ્ધિ આપણને એમ જણાવે છે કે આપણા સ્થૂળ સૂક્ષ્મ કરણોને કષ્ટ આપીને અથવા દમીને તેમને બળહિન બનાવવા જરૂર નથી, પરંતુ તેના બળનો ઉચ્ચતર લક્ષ્યની સિદ્ધિ અર્થે ઉપયોગ કરવો જોઇયે. અને તેમ થવા માટે તે કરણોનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજવું જોઇએ. આત્માનું સ્થૂળ કરણ અર્થાત શરીર એ દેખીતી રીતે જ "હું"થી ભિન્ન પ્રતિત થતું હઇને તેનાથી પ્રથકત્વ અનુભવવું અને "હું" ના આધિપત્ય તળે તેને રાખવું એ સૂલભ છે. પરંતુ સૂક્ષ્મ કરણો આત્માની સાથે એટલો નિકટનો સબંધ ધરાવે છે કે તેનાથી આત્માનું જુદાપણું અનુભવવું એ મૂશ્કેલ છે અને અભ્યાસની અપેક્ષા રાખનારૂં છે. શરીરથી સ્વતંત્ર હોવાનું અનુભવ્યા પછી મનુષ્યો ઘણી વાર પોતાના "હું"ને મનોતત્વ સાથે સેળભેળ કરી નાખે છે. આ ભૂલ છે. મન તેની વિવિધ પ્રકારની કક્ષામાં અને વિવિધ કાર્યમાં આત્માનું એક હથીયાર માત્ર છે, અને તેના ગમે તેવા સૂક્ષ્મ કાર્ય પ્રદેશમાં પણ "હું"ની સાથે તેનુ એકત્વ નથી. આ મુદ્દાને પ્રધાનપણે લક્ષ્યગત કરાવવા આ લેખમાં હમે ઉદ્યમ કરીશું. બનતા સુધી શાસ્ત્રીય અને પારિભાષિક શબ્દોના ઉપયોગથી છેટા રહી ચોખ્ખી વાત કહેવા પ્રયત્ન કરીશું. વિદ્વાનોએ બાંધેલી જુદી જુદી સંભાવનાઓ (thedry) મનનું સ્વરૂપ, તેની ઉત્પત્તિ, તેનો હેતુ એ વિગેરે ઉપર રોકાઇ ન રહેતાં મનનું પ્રખ્ખરણ કરી આત્માનું તેનાથી ભિન્નત્વ દર્શાવવા ઉપર જ હમે હમારૂ પ્રધાન લક્ષ્ય રાખશું. બુદ્ધિવડે તમે મનનું કાર્ય, તેના વિભાગ સમજી શકશો અર્થાત મનના બળ વડે મન પાસેથી મન પોતાના સ્વરૂપનું જ્ઞાન મેળવી શકશે.

"હું" ના માનસ બંધારણના વિદ્વાનોએ ત્રણ વિભાગ કર્યા છે. મન એકનું એક હોવા છતાં કાર્ય પરત્વે તેના ત્રણ વિભાગ કહી શકાય અને તે બધા કાર્ય ઉપર આત્માનું સ્વામીત્વ છે. આ ત્રણ વિભાગ આ પ્રમાણે છેઃ—(૧) સંજ્ઞાત્મક મન અથવા આંતર મન (Instinctive mind or conscious) (૨) બાહ્યમન અથવા બુધ્યાત્મક મન (outer or–conscious mind) અને (૩) ઉપરી મન અથવા દિવ્ય મન spiritual or super-conscious mind.

સંજ્ઞાત્મક મન એ મનુષ્ય તેમજ પશુ ઉભયને સમાન પણે છે. આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાસક્રમમાં આપણને તે મૂળથી જ પ્રાપ્ત થએલ છે. આ મનની પ્રાથમીક અવસ્થામાં જ્ઞપ્તિ અથવા ભાનનું સ્ફુરણ નહિવત્ હોય છે, અને જ્યારે આ મન તેની ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચે છે, ત્યારે તે લગભગ બુદ્ધિ અથવા વિવેકની હદે આવી પહોંચે છે. આપણા શરીરનું જીવન નિભાવી રાખવામાં સંજ્ઞાત્મક મન બહુ અગત્યની મદદ આપે છે. અને ખરી રીતે શરીર સંરક્ષણ અને તેના ભૌતિક કર્તવ્યોની સંભાળ તેને જ સોંપાએલી છે. શરીરના કોઇ ભાંગેલા અથવા વિશીર્ણ ભાગને સમારવાનું, નવા અણુંઓ સ્થાપવાનું, જુના અને સડીગયેલા પુટોને દુર કરવાનું, પચન ક્રિયાનું અન્નના રસોને પરિણામ પમાડી સૌસૌના યોગ્ય સ્થાને તે રસોને પહોંચાડવાનું, રૂધિરાભિસરણનું, અને મળવિસર્જનનું કાર્ય આ આંતર અથવા સંજ્ઞાત્મક મનજ નિભાવે છે. ટુંકામાં આપણા ભાનની મર્યાદા બહાર શરીરમાં જે જે કાર્યો ચાલે છે, તે આ આંતર મનના સંકેતથી જ ચાલે છે.

પરંતુ આંતર મનના કાર્યનો આ તો એક સૌથી નાનામાં નાનો ભાગ છે. ઉપર જણાવ્યું તે કામ ઉપરાંત આ આંતરમન આપણા પોતાના અનુભવો તેમજ આપણા પૂર્વ પુરૂષોના અનુભવ–સંસ્કારોને સંગ્રહી રાખે છે. બીજ જીવનથી માંડી વર્તમાન વિકાસની હદે પહોંચતા સુધીની મુસાફરીમાં આત્માએ જે જે અનુભવો મેળવ્યા છે તે આ મન ઉપર અંકિત થએલા છે, આપણી સર્વ પ્રકારની પશુવૃતિઓ (જે આપણને તે ભૂમિકાએ સ્વસંરક્ષણ અર્થે ઉપયોગી અને પોતાના વ્યાજબી સ્થાને હતી) ના બધા ચિન્હો અને લક્ષણો હજી આ મનના પ્રદેશ ઉપર રહેવા પામ્યા છે. અને તે તક મળતા મનની બહાર ની સપાટી ઉપર આવી ચઢે છે. આ લક્ષણો એવી પ્રચ્છન્ન અવસ્થામાં રહ્યા છે, કે ઘણીવાર જ્યારે આપણે એમ માનતા હઈએ છીએ કે હવે અમારામાં એવા પશુને સુલભ લક્ષણો રહ્યા નથી ત્યારે પણ તે અસાધારણ પ્રમાણમાં પ્રતિત થાય છે. પશુઓમાં જે કલહ વૃતિ જે વિકારો દ્વેષ, ઇર્ષા. ક્રોધ વિગેરે હોય છે, તે આ મનમાં હજુ કાયમ રહેલા છે. અને તે ખરી રીતે આપણા ભૂત જીવનનો વારસો છે. ગત જીવનમાં આપણને પડેલી નાની મોટી અને સારી નરસી ટેવોને સર્વનો સારાંસ હજી તે અંતરમનના વિશાળ ગ્રહમાં સચવાઇ રહયો છે. ખરેખર આ મન એક વિચિત્ર વખાર જેવું છે. તેમાં વિવિધ પ્રકારના અનુભવો કેટલાક સારા અને કેટલાક કચરા સરખા કેટલાક ઉપયોગી અને કેટલાક પ્રગતિના અવરોધક રહેલા છે.

મનના આ પ્રદેશ ઉપર આપણી વાસનાઓ–ઇચ્છાઓ, રૂચિઓ, આવેગો, લાગણીઓ, સ્પૃહાઓ, લાલસાઓ અને એવી બીજી બધી અધમ વૃત્તિઓ વસેલી હોય છે. પશુમાં, જંગલી મનુષ્યમાં અને હાલના કેળવાયલા મનુષ્યમાં તે સમાનપણે છે. પરંતુ કેળવાએલા મનુષ્ય અને પશુ અથવા જંગલી મનુષ્યમાં તફાવત એટલો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જ્યારે પશુ અથવા જંગલી મનુષ્ય તે અધમ વૃત્તિઓ ઉપર મુદ્દલ કાબુ રાખી શકતો નથી, ત્યારે કેળવાએલો મનુષ્ય ન્યુનાધિક અંશે તેને પોતાના કાબુમાં રાખી શકે છે. અને જેટલા અંશે તેમ કરવાને શકિતમાન હોય છે તેટલે અંશે તે પશુ કરતા ચઢીઆતો અથવા મનુષ્યના અભિધાનને યોગ્ય બનતો જાય છે. મનમાં જે ઉચ્ચ પ્રકારની મહત્વાકાંક્ષાઓ રહેલી છે, તે આ પ્રદેશ ઉપર નથી પરંતુ તે દિવ્ય મન ઉપર રહેલી છે. જેનું સ્વરૂપ હમે હમણાજ કહેવાના છીએ.

આ સંજ્ઞાત્મક મન ઉપર માત્ર પશુને સહજ વૃત્તિઓ (animal nature) રહેલી હોય છે. આપણા વિકારો સાહજીક આવેગો અને લાગણીઓ આ મનને આધિન છે. ક્ષુધા, તૃષા, સંભોગ, ઈચ્છા, સ્થૂળ પ્રકારના રાગ, દ્વેષ, મોહ, તિરસ્કાર, ઈર્ષ્યા, વૈર, એ સર્વ જે આપણામાં પ્રસંગોપાત ફાટી નીકળે છે, તેમનો સ્થાયી મુકામ મનના આ પ્રદેશ ઉપર હોય છે. ઉચ્ચ ઉદ્દેશ વિનાના અન્ય સ્વાર્થી હેતુઓને લક્ષ્યમાં રાખી આપણે જે સ્થુળ સામગ્રી એકત્ર કરીએ છીએ તે કરવાની વૃત્તિ પણ મનના આ વિભાગમાંથી ઉદ્દભવે છે. ભોગેષણા, ચક્ષુરંગ, ઈન્દ્રિઓનો વિલાસભાવ, એ બધુ આ મન ઉપર અવલંબીને રહેલું હોય છે.

આમ કહીને હમે આ વિકારોનો તિરસ્કાર કરીએ છીએ અથવા તેની નિંદાના પ્રકરણમાં ઉતર્યા છીએ એમ માનવાનું નથી. હમારૂ તો એમ જ માનવું છે કે એ સર્વને એક વખત પોતપોતાનું વ્યાજબી સ્થાન આપણામાં હતું. ભૂત જીવનમાં આપણને ઉપયોગી અને ઉન્નતિક્રમમાં સાહાયક હતું અને હજી પણ આંતર મનના કેટલાક કાર્યો આપણું ભૌતિક જીવન નિભાવવા અર્થે અનિવાર્યપણે આવશ્યક છે. જેને આપણે "નરસું" કહીયે છીએ તે પોતપોતાના સ્થાને હમેશાં યોગ્ય જ હોય છે. જ્યારે તે પોતાના યોગ્ય સ્થાનથી બીજે જાય છે, અથવા જે ભુમિકાએ તે હોવું જોઇએ તે કરતા બીજી ભુમિકાએ હોય છે ત્યારે જ તે "નરસુ" સંજ્ઞાને પામે છે અને તેમાં પણ જ્યારે તે "નરસુ" આપણા ઉપર પોતાનું આધિપત્ય સ્થાપી આપણને તેના કાબુ રાખે છે ત્યારે તે ખરી રીતે "નરસું" ગણાવા યોગ્ય છે. આપણા ક્રમિક વિકાસમાં જે જે લક્ષણોને હવે આપણે વળોટી ગયા છીએ અને જેની વર્તમાન ભુમકાએ જરૂર નથી તેવા લક્ષણોને જ્યારે આપણે સ્વીકારીએ છીએ, ત્યારે તે લક્ષણો "નરસા" કહેવાય છે. બાકી વસ્તુતઃ તે લક્ષણો ખરાબ નથી. કયા લક્ષણો સારા અને કયા નરસા એ શિક્ષણને આ વિષય સાથે સબંધ નથી. હમારો કહેવાનો આશય એટલો જ છે કે આ બધા લક્ષણો હજી આપણા આંતર મનમાં રહેલા છે અને તક મળતા તે મનની બહારની સપાટી ઉપર તરી આવે છે. આ બધું જણાવીને જે કાંઇ કથીતવ્ય છે તે એ જ છે કે આ લક્ષણો એ "હું" નથી, પણ આપણા વાસ્તવ સ્વરૂપથી પર છે. તમે જેને "હું" કહો છો તેનો આ લક્ષણો વિભાગ નથી. તમારો આ લક્ષણો સાથે ગુણ ગુણી સંબંધ પણ નથી પણ તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનસ–ચક્ષુથીજ દશ્યમાન થાય એવી તે સૂક્ષ્મ સામગ્રી છે અને તમે તટસ્થ ભાવે, નિરાળા રહીને તેને અવલોકી તોળી, માપી અને નિર્ણય કરી બાહ્ય પદાર્થોની માફક તેને સ્વીકારી કે દુર કરી શકો તેમ છો.

આ અંતર મન પછી ક્રમમાં બીજુ બાહ્ય મન આવે છે. જેને આપણે તર્ક પ્રથક્કરણ, વિચાર, ન્યાય આદિ બુદ્ધિ વ્યાપારમાં યોજી શકીએ છીએ. આ લેખ વાંચતી વખતે પણ તમે એ મનનોજ ઉપયોગ કરો છો. તમે જોઇ શકયા હશો કે તમે આ મનનો ફકત ઉપયોગ કરો છો તમે પોતે એ તર્ક, વિચાર કે બુદ્ધિ વ્યાપાર નથી. જેમ સંજ્ઞાત્મક એ તમારા સ્વરૂપથી અત્યંત ભિન્ન છે, તેમ આ બાહ્ય મન પણ તમારાથી ભિન્ન છે અને તમારૂ એક હથિઆર માત્ર છે. ક્ષણવાર વિચાર કરશો તો આ મુદ્દો તમને સ્પષ્ટ રૂપમાં સમજાઇ જશે બુદ્ધિ અથવા વિવેક શકિતના સ્વરૂપ સંબંધે હમારે આ સ્થળે કશું કહેવાનું નથી. જે કાંઇ કહેવાનું છે તે ફકત એટલુંજ છે કે આ બુદ્ધિ એ "હું" નું હથીયાર છે અને તેનું આપણા વાસ્તવ સ્વરૂપથી ભિન્નત્વ છે.

મનનો ત્રિજો અને સર્વથી ઉચ્ચત્તમ વિભાગ એ ઉપરી મન અથવા દિવ્ય મન છે. મનના આ અંશના કાર્યનું અને તેના સ્વરૂપનું જ્ઞાન આ જમાનામાં કોઇ વિરલ મહા પુરૂષનેજ હોવું સંભવે છે, તેમ છતાં આ યુગના ઘણા મનુષ્યોમાં તે મનની અભિવ્યકિત ધીરે ધીરે થતી જતી દશ્યમાન થાય છે. આપણે જેને પ્રતિભા, દિવ્ય સ્પુરણ, સ્વરૂપજ્ઞતા આદિ ઉચ્ચ પ્રકારના વિશેષણોથી સંબોધીએ છીએ તે આ મનમાંથી ઉદ્ભવે છે. મહદ્ વિચારો અને ભવ્ય ભાવનાઓ મનના આ ઉપરી વિભાગમાં વિરાજે છે. જન સમાજની ઉત્ક્રાંતિના બિજકો ત્યાં રહેલા હોય છે. પ્રગતિનો આવેગ, સાચી ધાર્મીકતા, પ્રેમ, સત્ય, દયા, પરોપકાર, ન્યાયવૃત્તિ, સ્વાર્પણ ભાવના, આદિ ઉચ્ચ વૃત્તિઓનું સ્થાન આ દિવ્ય મનમાં છે. ઇશ્વર પ્રત્યેનો અને પોતાના મનુષ્ય બન્ધુઓ પ્રત્યેનો પ્રેમ જન હૃદયમાં આજ સ્થાનમાંથી ઉદ્ભવે છે. મહાન્ આધ્યાત્મિક સત્યોનું જ્ઞાન પણ આજ પ્રભવસ્થાનમાંથી વહે છે. "હું" ને તેના સ્થૂળ સૂક્ષ્મ કરણોથી ભિન્ન અનુભવી આત્માની તે કરણો ઉપર આધિપત્ય સ્થાપવાની મહત્વાકાંક્ષા પણ આ વિકાસને માટે તત્પર બનેલા દિવ્ય મનમાંથીજ ઉદ્ભવે છે, અને તે મનના સાધન દ્વારાજ આપણું વાસ્તવ સ્વરૂપ પ્રાપ્ત થવા યોગ્ય છે. તમે પોતે આ લેખ વાંચવામાં જે રસ અનુભવો છો, તે પણ એજ સુચવે છે કે તમારામાં આ મનનો અંશ અભિવ્યકત થવા વેગવાન બનેલ છે, અને તે વેગને અનુકુળ થઇ તેની સ્વાભાવિક ગતિમાં તમારી પોતાની ગતિ ભેળવી દેવી એજ સર્વ પ્રકારના શ્રેયનો રાજમાર્ગ છે.

તેમ છતાં તમારે ભૂલવાનું નથી કે આ ઉચ્ચતમ મન પણ તમારા "હું"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું એક સૂક્ષ્મતમ યંત્ર માત્ર છે. યંત્ર કરતા અધિક તેની કિંમત તમારે આંકવી વ્યાજબી નથી.

મન અને તેની સર્વ અવસ્થાઓથી "હું" એ તદ્દન ભિન્ન છે, એવો અનુભવ દૃઢ થાય એ અર્થે કેટલાક અભ્યાસ પાઠો હમે આ લેખમાં આપીશું. આ સંબંધમાં પુનઃ પુનઃ કહેવાનું એજ છે કે મનનો પ્રત્યેક વિભાગ, તેનું પ્રત્યેક કાર્ય અને પ્રત્યેક અવસ્થા પોતાના વ્યાજબી સ્થાને અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે, અને એમ માનવાની ભૂલ કદી કરવા યોગ્ય નથી કે મન એ આત્માથી ભિન્ન હોવાના કારણથી અમે તેની કિંમત ઓછી આંકવા માગીએ છીએ. અથવા આત્માને તે ઉપાધી રૂપે અથવા સંસારના કારાગ્રહમાં આત્માને પુરી રાખનાર છે. એથી ઉલટુ પ્રત્યેક જ્ઞાની મહાજનોનો એવો દૃઢ નિશ્ચય છે કે, આ મનના ઉપયોગ અને વ્યાપાર દ્વારાજ મનુષ્ય પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે, અને હજી અનેક અવસ્થાઓમાંથી સહિસલામત પસાર થવા માટે મનની શકિતના વિકાસ અને વ્યાપાર ઉપર આધાર રાખ્યા શિવાય અન્ય કોઇ માર્ગ નથી.

અત્યારે તો મનુષ્ય તેની માનસ સામગ્રીનો હલકો અંશજ વાપરે છે. હજી તેને મુદ્દલ ખબર નથી કે, તેના માનસ બંધારણમાં એવી અજ્ઞાત મહાન્ સૃષ્ટિઓ પડેલી છે કે જેનું અત્યારે તેને સ્વપ્ન પણ નથી. તેના માનસ મહાસાગરને કાંઠે હજી મનુષ્ય માત્ર શંખલા અને ચકચકતા પથ્થરના કટકાજ ભેગા કરે છે, તે મહાસાગરના ગર્ભમાં રહેલા અમૂલ્ય રત્નોનો તેને હજી કશો ખ્યાલ નથી. આથી મન એ આપણને સંસારમાં જકડી રાખનાર બંધન નથી પણ આપણા ઉન્નતિક્રમમાં જે સામગ્રીની આવશ્યકતા છે તે પુરી પાડનાર એક મહાન્ સહાયક છે. પરંતુ જયાંસુધી આપણે તે મનના કાર્ય ઉપર આપણું સ્વામીત્વ સિદ્ધ કર્યું નથી ત્યાંસુધી તે આપણે માટે નકામા જેવુંજ છે. એક પદાર્થમાંથી લાભ કે હાનિ મળે તેનો આધાર તે પદાર્થના આપણે કરેલ શુભાશુભ ઉપયોગ ઉપર રહે છે. અગ્નિ જેમ એક પક્ષે આપણા જીવન નિર્વાહમાં અતિ આવશ્યક અને સાહાયક છે, તેમ અન્ય પક્ષે તેનો વગર વિચાર્યો ઉપયોગ કરવાથી બાળી પણ નાખે છે, તેમ મન સંબંધે પણ એમજ છે કે તેના ઉપર આપણું સામ્રાજ્ય ન હોય તો આપણી પ્રગતિમાં વિઘ્નરૂપ બને છે અને આપણા કાબુમાં તે હોય તો તે પોતાનું ગુપ્ત રહસ્ય આપણી આગળ પ્રકટ કરી દે છે. અત્યારે તમે આ લેખ વાંચો છો તે પણ તે મનની મદદ વડેજ વાંચો છો. તમારા મનના ઉચ્ચતમ અંશને જાગૃત કરવા માટે જે સલાહ આ લેખ દ્વારા તમને અપાય છે તે પણ તમે મન દ્વારાજ ગ્રહી શકો છો. આ અક્ષરો દ્વારા તમારા મન સાથે હમે સબંધમાં આવીએ છીએ.

હવે આ નિચે કેટલીક અભ્યાસની રિતીઓ આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને તેટલા વિશ્રાંતિવાળા અને ઉપદ્રવ રહિત સ્થાનમાં પ્રવેશો અને જે વિષય તમારી આગળ રજુ કરવામાં આવે છે તેના ચિંતન અર્થે યોગ્ય સ્થિતિમાં તમારી જાતને મુકવા પ્રયત્ન કરો. આ વિષય પ્રત્યે આદર અને પ્રેમની દૃષ્ટિથી જુવો બને તેટલું અનુકુળ વળણ ધારણ કરો.

જેમ શરીર એ તમારાથી ભિન્ન વસ્તુ છે, તેમ મનના બધા કાર્યો પણ ભિન્ન છે. આ મુદ્દો સિદ્ધ થવો એ જરા મુશ્કેલ છે. તમને અત્યારે એમ જણાય છે કે તમારૂં "હું" એ તમારા વિચારોનો, લાગણીઓનો, આવેગોનો અને મનોસ્થિતિઓનો સમુહ માત્ર છે. પરંતુ તમારે "હું" ને આ માનસીક અવસ્થાઓથી અતિરિક્ત અનુભવવાનો અભ્યાસ સિદ્ધ કરવાનો છે.

શરીરજન્ય આવેગો જેવા કે ક્ષુધા, તૃષા, દર્દ, શાતા, અશાતા, સ્પર્શ-ઇચ્છા એ આપણા વાસ્તવ "હું" નો વિભાગ નથી અને આપણું ખરૂં સ્વરૂપ તેના અંગભૂત નથી. આ લાગણીઓ એટલી બધી સ્થૂળ છે કે સામાન્ય મનુષ્ય પણ તેને "હું" ના સંકલ્પના બળ વડે ભિન્ન અનુભવી શકવા સમર્થ બને છે, ભિન્ન અનુભવવી એનો અર્થ એવો નથી કે એ લાગણીઓનો રસ જ્ઞાનીજનો ભોગવતા નથી; તેનો અર્થ એટલોજ કે તે લાગણીઓને જ્ઞાનીજનો શરીરજન્ય લાગણીઓ ગણી સ્થૂળ દેહના આનુષંગિક વ્યતિકર તરીકે ગણે છે. તેઓ પોતાના "હું" ની સાથે તે લાગણીઓનું એકત્વ થવા દેતા નથી. તેઓએ તે લાગણીઓ ઉપર પોતાનું આધિપત્ય સિદ્ધ કરી તેને કાબુમાં રાખેલ હોય છે, આથી તેઓ તે લાગણીઓથી પોતાનું ભિન્નત્વ સાચવી શકે છે. ઘણા માણસો આ લાગણીઓ સાથે એટલા બધા એકીભાવ પામેલા હોય છે કે જ્યારે તેઓ "હું" નો ઉચ્ચાર કરે છે કે તે સાથે જ તેમની ઉપરોકત સર્વ લાગણીઓનો સમૂહ તરી આવે છે. તેઓ તેને પોતાથી મનોમય રીતે વેગળી મુકી શકતા નથી તેમજ મરજી પડે ત્યારે વાપરી શકાય એવી વસ્તુઓ રૂપે ગણી શકતા નથી, પણ "હું" ની સાથે અભેદ ભાવે મળી ગયેલી હોય એ રૂપે જુવે છે. મનુષ્ય જેમ જેમ વિકાસક્રમમાં આગળ વધે છે, તેમ તેમ આ પ્રકારની તેની ભ્રાંતિ ટળતી જાય છે. પરંતુ એમ માનવાનું નથી કે તેવા મનુષ્યને ભૂખ લાગતી નહીં હોય, અથવા તેમના અજ્ઞાન બંધુઓ જે શરીરજન્ય લાગણીઓ અનુભવે છે તેવું તેમને કશું જ થતું નહીં હોય. તેને પણ ક્ષુધા, તૃષા અનુભવાય છે અને તે વિવેક પુરઃસર તેની તૃપ્તિ પણ શોધે છે. તે જાણે છે કે જ્યાં સુધી તેને સ્થૂળ શરીર વળગેલું છે, ત્યાં સુધી તેની જરૂરી માગણીઓ પ્રત્યે અનાદર કરવો પાલવે તેમ નથી પરંતુ તફાવત આ પ્રકારે છેઃ—"હું" ભૂખ્યો છું, હું તરસ્યો છું, મને દુઃખ થાય છે" એવા ભાનપૂર્વક બોલવાને બદલે તે એમ માને છે, કે "મારૂં શરીર અન્ન જળની માગણી કરે છે, શરીરને શાતા અશાતા થાય છે" વિગેરે. જેમ આપણો ઘોડો કે ગાય ક્ષુધાતુર થઇ ખોરાકની માગણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે અને તેમની ક્ષુધા પ્રત્યે જે દ્રષ્ટિથી આપણે જોઇએ છીએ તેજ પ્રકારે જ્ઞાનીજનો પોતાના સ્થૂળ સૂક્ષ્મ કરણોથી ભિન્નત્વ અનુભવનારાઓ-પોતાના શરીરની હાજતો અને તેની માગણીઓ પ્રત્યે જુવે છે. તમારી ગાય ભૂખી હોય તો જેમ તમે પોતે ભૂખ્યા હોવાનું તમે માનતા નથી તેમ જ્ઞાનીજનોને ભૂખ લાગે ત્યારે પોતે ભૂખ્યા હોય એમ માનતા નથી, પણ શરીર ભૂખ્યું છે અને ગાય કે ઘોડાની માફક પોષણ માટે બુમો મારે છે, એમ અનુભવે છે. તફાવત સમજ્યા ? જે લાગણીઓ સ્થૂળ શરીર સાથે સંબંધ ધરાવે છે તે સાથે તમારૂં એકત્વ નથી. ભૂખ કે તરસ " હું " ને નહી પણ શરીરને લાગી છે, એમ જ્ઞાનીજનો માને છે. તેઓ એમ કહે છે કે " આ મારી હોજરી, આ મારો પગ, આ મારૂં માથું છે " પરંતુ તે એવા અર્થમાં કે તે તેમના હથિઆરો છે, તેના ઉપર તેમનો કબજો ભોગવટો છે અને નહી કે તેઓ પોતેજ તેના હથિઆરો છે. જ્યારે જ્યારે તેમને એવી લાગણીઓ થાય છે, ત્યારે તેમનું સ્વાભાવિક ભાન એમજ હોય છે કે એ મને નથી પણ મને આગંતુક પ્રકારે પ્રાપ્ત થએલી છે, અને તેના ઉપર મારે સંભાળ અને કાળજી રાખવી એ મારી ફરજ છે. તેના અંતઃકરણના ઉંડાણમાં એ ભાન સતત જાગ્રત હોય છે કે " હું " એ આ બધી સામગ્રી અને શરીરજન્ય લાગણીઓથી નિરાળુ છે. " હું " તેના વિના પણ રહી શકે તેમ છે. આ ભાન સિદ્ધ કરવું એ આત્મ સાક્ષાત્કારનું પહેલું પગથીયું છે.

હવે આગળ વધતા પહેલા તમે તમારી શરીરજન્ય વૃતિઓ ઉપર જરા નજર ફેરવી જાઓ. તમે એનું માનસ-ચિત્ર ખડું કરો અને તમારા અંતઃકરણના અંતસ્તમ પ્રદેશમાં એ ભાન અંકિત કરો કે એ પ્રકારની શારીરિક વૃતિઓ મારા વિકાસક્રમની આ ભૂમિકાએ આવશ્યક છે માટેજ પ્રાપ્ત થયેલી છે, અને તે કોઇ રીતે મારા સ્વરૂપનો વાસ્તવીક વિભાગ નથી; જેમ જેમ મારી ઉર્ધ્વગતિ થતી જશે તેમ તેમ હું તેને જીર્ણ વસ્ત્રની માફક છોડતો ચાલવાનો છું. આ પ્રકારે મનોમય ચિત્ર ઉપર દ્રષ્ટિ ઠરાવવાથી અને એકાગ્રપણે તેના ઉપર ચિંતવન કરવાથી એ ભાન દ્રઢપણે અંકિત થઇ તમારા જીવન સાથે તેનો નિત્ય સંબંધ થશે.

જ્યારે તમે આ પ્રકારની વૃતિઓને તમારાથી વેગળી જોઇ શકો છો, અને તમે તટસ્થ ભાવે તેની ગતિ, વેગ કે પ્રવૃતિના દ્રષ્ટા બની શકો છો ત્યારે તમે સ્વાભાવીક રીતે જ તેને અનાત્મ કોટીમાં દાખલ કરી શકો છો. હવે તમે વસ્તુ માત્રને બે વિભાગમાં વિભક્ત કરેલી હોય છે (૧) " હું " અને (૨) " હું " સિવાયનું સર્વ કાંઇ, ઉપરોક્ત શરીરજન્ય વૃતિઓને " હું " થી અતિરિકત વર્ગમાં તમે દાખલ કરવા શકિતમાન બન્યા છો. જેમ આ માસીક એ તમે નથી અને તમારા " હું " સાથે તેને કશોજ સબંધ નથી, તેમ તમારી ક્ષુધા, તૃષા, શાતા, અશાતા આદિ એ તમારા " હું " થી તદ્દન નિરાળા છે. અને તમારા વર્તમાન વિકાસની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિકાએ જરૂરના હોવાથીજ તેઓ તમને આ કાળે ઉપલબ્ધ થએલા છે અને કાળે કરી છુટી પણ જશે એ પ્રકારનો સાક્ષાત્કાર સિદ્ધ કરો.

આ શરીરજન્ય વૃત્તિઓથી આગળ વધતા તેથી સૂક્ષ્મ પ્રકાર માનસ વિકારો આવે છે, ક્રોધ, તિરસ્કાર, મોહ, ઇર્ષ્યા, લોભ, અને એ પ્રકારના હજારો વિકારો આપણા મસ્તિષ્કમાં તોફાન મચાવી રહેલા હોય છે. તમે ઘણી વાર જોઈ શકયા હશો કે આ પ્રકારના માનસ-આવેગોને તમે તમારાથી દૂર રાખી તેના ઉપર વિચાર કરી શકો છો, તેના પ્રેરક હેતુઓને લક્ષ્યગત કરી શકો છો, તેનું પ્રથક્કરણ કરી તેના સારાસારપણા ઉપર ફેંસલો પણ આપી શકો છો. આવો પ્રત્યેક આવેગ કયાંથી ઉદ્ભવે છે, કયાંથી પોષણ મેળવી વધે છે, અને કેવી રીતે તેનો અંત આવે છે, તેનું તમે નિરીક્ષણ કરી શકો છો, તેમજ તમારી મરજીમાં આવે ત્યારે તમારી કલ્પનાની સૃષ્ટિમાં સ્મૃતિના બળ વડે તેને પુનઃ ઉપજાવી તેનું દર્શન કરી શકો છો. આ મનોમય આવિષ્કારોને તમે ગમે ત્યારે ઉપજાવી ગમે ત્યારે વિલય ભાવને પમાડી શકો છો. જેમ તમે તમારી પેટીમાંથી તમારી મરજી અનુસાર ચીજ કાઢી પાછું મરજી અનુસાર પેટીને સ્વાધિન કરી દ્યો છો, તેમ તમારા માનસિક મજુસમાંથી કોઇ સંગૃહિત વસ્તુને ગમે તે વખતે તમે બહાર કાઢી, જોઇ, આનંદ અથવા ખેદ અનુભવી, પાછું પુનઃ તે મજુસમાં પુરી દો છો. જેમ સેનાધિપતિ પોતાના લશ્કરને પોતાની સન્મુખ રાખી પોતાની ઇચ્છાનુસાર તેમની પાસે ગતિ આગતિ કરાવી શકે છે તેજ પ્રમાણે તમે પણ તમારા માનસ લશ્કરીઓને મરજી પડે ત્યારે તમારા આગળ થઇને પસાર થવા દો છો અને મરજી પડે ત્યારે તમારી માનસ કોથળીમાં તે વ્યકિતઓને એક જાદુગરની માફક સમાવી દો છો. વસ્તુતઃ તે મનની મૂર્તિઓ એ તમે નથી પણ તે એવું કાંઈક છે કે જેને તમે સાથે રાખીને નિરંતર વિહરો છો. જેમ આપણા પુરાણમાં વર્ણવેલા દેવો પોતાની વૈક્રિય લબ્ધિના બળ વડે પોતામાંથી બેસુમાર વ્યકિતઓને બહાર કાઢી પાછી પુનઃ પોતામાં દાખલ કરી દે છે, તેમ તમે પણ તમારી માનસ વ્યક્તિઓને ગમે ત્યારે ઉપજાવી પાછી શમાવી દેવા શક્તિમાન છો. તમે હવે જોઇ શકયા હશો કે તમારા " હું " ને એ બધા નભે તેમ છે. તે ન હોય તો તમારા સ્વરૂપને કશી જ ઇજા આવવાની નથી અથવા સ્વરૂપ હાની થવાની નથી. તેના વિના પણ તમારૂં " હું " તો જેવું છે તેવું ને તેવું જ રહેવા નિર્માયું છે.

તમે આ પ્રકારે આ માનસ વિકારોને તમારાથી દોઢ હાથ દૂર રાખી, તેની પરીક્ષા કરી શકો છો અને તેની શુભાશુભતા ઉપર ન્યાય આપી શકો છો એજ બતાવી આપે છે કે તમે તે વિકારો નથી. ઉપર જણાવ્યું તેમ વસ્તુના બે પ્રકાર છે. (૧) તમે કે જે તમારાથી બીજી તમામ વસ્તુઓને ચર્મચક્ષુ અથવા મનોચક્ષુથી જોઈ તેના ઉપર વિચાર ચલાવી શકો છો, અને (૨) પરીક્ષા અથવા વિચારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય બનનારા અને તમારાથી છેટે રહી તમારી સન્મુખ ઉભા રહેનારા સ્થુળ સૂક્ષ્મ પદાર્થો તમે જોઇ શકયા હશો કે ક્રોધ, માન, મોહાદિ વિકારો એ બીજી કોટીમાં–વિષયોના વર્ગમાં સમાવેશ પામે છે. આ વિષયોનો સંગ્રહ એટલો મોટો છે અને પ્રત્યેક ક્ષણે એટલો બધો વિશાળ બનતો જાય છે અને તે સાથે તમારૂ ધ્યાન નિરંતર એટલું બધુ પોતા તરફ આકર્ષી રહેલ છે કે તમે એ વિષયોથી તમારી જાતને નિરાળી અનુભવવા પ્રસંગ સરખો પણ કદી ભાગ્યેજ લીધો છે. અને ટેવના બળથી તમે તમારા વિષયોની સાથે એકત્વ માની બેઠા છે.

આ સ્થળે અમારો કથિતાશય એટલોજ છે કે ઉપરોકત પ્રકારના સૂક્ષ્મ આવેગો એ તમારા સ્વરૂપથી ભિન્ન છે. હમે એમ મુદલ કહેવા માગતા નથી કે એ આવેગોને તમે કાઢી નાખો અને તેને નિર્મૂળ કરી દઇ તમે એકદમ વિશુદ્ધ બની જાવો. અલબત તમને જે લક્ષણો અનિષ્ટ અને વિઘ્ન કરનારા જણાતા હોય અને જે વૃત્તિ અથવા કલ્પનાનું મુખ જોવા તમે માગતા નથી અથવા જેના ઉપર તમને હવે નિર્વેદ ઉપજ્યો છે એને તમે તમારા માનસ બંધારણમાંથી કાઢીને ફેંકી દઇ શકો છો. બધાજ આવેગો ખરાબ છે અને તમને અનાત્મ વિશ્વમાં ડુબાડી રાખનાર છે એમ માનવાની ભ્રાંતિમાં પડવું યોગ્ય નથી. કેટલાક આવેગોની તમારી વર્તમાન વિકાસની ભૂમિકાએ ઘણીજ જરૂર છે અને તેના વેગને આધિન બની તમારે પ્રવૃતિમાં યોજાયા વિના છુટકો નથી, અને જ્યારે તમે એ ભૂમિકાને વળોટી આગળ ગયેલા હશો, ત્યારે એ આવેગો સ્વતઃ છુટી જશે અને પછી તમને કદી મુંઝવશે નહિ. બળાત્કારથી પ્રકૃતિજન્ય આવેગોનું ખંડન કરવું અથવા તેમને દાબી દેવા એ કુદરતના સ્વાભાવિક ક્રમથી વિરોધી છે અને એમ કરવામાં કદી પણ વિજય મળતો નથી, વિજય મળ્યા જેવું બહારથી જણાય તો પણ પુનઃ પ્રત્યાઘાત થઇ પાછું તેજ પાઠ શીખવા ફરીથી આવવું પડે છે. જેમ ઠોઠ છોકરો પરીક્ષાના વખતે ચોરી કરી પાસ થવા પુરતા માર્ક મેળવી ઉપરના વર્ગમાં ચઢી જાય છે અને દેખીતો વિજય મેળવે છે. પરંતુ જેમ ત્યાં ઝાઝો વખત નભી નહિ શકતા પાછું તેને પુનઃ પૂર્વના હલકા વર્ગમાં આવવું પડે છે તેજ પ્રકારે જે ભૂમિકાએ જે આવેગો સ્વાભાવિક છે, તે ભૂમિકાએ તેને આધિન ન બનતા અને પ્રવૃતિમાં ન જોડાતા ઉપરના વર્ગના ચળકાટથી મોહ પામી ત્યાં જવા જે આત્મા લલચાય છે, તેને ત્યાંથી પુનઃ ધકકો ખાઇ પાછું નિચેની ભૂમિકાએ પોતાનો કાચો પાઠ ફરીથી શિખવા આવવું પડે છે.

આથી હમો આ સ્થળે બધા વિકારોને નિર્મૂળ કરી નાખવાનો પાઠ શીખવવાના ઇરાદાથી બેઠા નથી, તેમ વિકારોની નિંદાનું પ્રકરણ પણ હાથમાં લીધું નથી, હમે જાણીએ છીએ કે સર્વ કાંઇ પોતપોતાની ભૂમિકાએ યોગ્ય અને યથાસ્થાનેજ છે. આ સ્થળે હમે એટલુંજ કહેવા માગીએ છીએ કે તમારૂ વાસ્તવીક “ હું ” એ

For Private And Personal Use Only

ઉપરોકત વિકારો અને માનસ સૃષ્ટિથી ઉપરના ભાગમાં વિરાજે છે, તેનાથી તમે સંપૂર્ણ રીતે સ્વતંત્ર છો, તમે તેના સ્વામી છો, અને તે તમારા ગુલામો છે. તમે તેને તમારા મન દ્રવ્યમાંથી ઘડી કાઢ્યા છે. અને એક ગુપ્ત ભાગમાં સંગ્રહી રાખ્યા છે. અત્યારસુધી તમે તેના ગુલામ અને સેવક હતા, હવે તમે ધારો તો તેના ઉપર તમારો જન્મહક્ક સ્થાપી શકો તેમ છો. આજસુધી તમે તેને વાપરવાને બદલે ઉલટા તેનાથી વપરાયા છો.

એકવાર પુનઃ તમારા આવેગો વિકારો અને લાગણીઓનું લીસ્ટ તપાસી જાઓ, તે વખતે જાણુ કે એ વસ્તુઓ તમારી પોતાની નથી પણ તમારા કોઇ મિત્રની છે અને તેને તમે તટસ્થ પણ અનુભવો છો એવી રીતે જુઓ. એમ કરવાથી તમારા "હું" થી તે લાગણીઓ છેક જ જુદી જણાઈ આવશે.

આ પ્રકારે હૃદયના આવેગો (Emotional nature) તમારા સ્વરૂપથી ભિન્ન હોવાનું સિદ્ધ થયા પછી તમારા બુદ્ધિગત વ્યાપારો (Intellectual Pocesses) તે પણ સહેલાઇથી જુદા અનુભવી શકશો. માનસ વિદ્યાનું એકાદ નાનું સરખું પુસ્તક તમે કોઇવાર અવલોકયું હશે તો તમને અત્યાર સુધીમાં માલુમ પડી ચુકયું હશે કે પ્રત્યેક વિચારનું પ્રથ્થકરણ તેમજ તેની ઉત્પત્તિના કારણો આપણને જ્ઞાત થઇ શકવા યોગ્ય છે. તેનું ભૌતિક પદાર્થોની માફક વર્ગીકરણ બની શકે છે અને તેના ભિન્ન ભિન્ન કાર્યને અનુસરતા પ્રકારોનો તેમજ મસ્તિષ્કમાં તેના વ્યાપારની અભિવ્યક્તિના કેન્દ્રોનો પણ નિર્ણય થઈ શકે છે. તમારા ન્યાય-વ્યાપારને તર્કની ક્રિયાને, કે વિચારની ગતિ આ ગતિને, તમે તમારા "હું" થી દુર રાખી જોઇ શકો છો, તેની પરીક્ષા કરી શકો છો અને અન્ય પદાર્થોની માફક તેને તમારા 'હું' નો વિષય બનાવી શકો છો. આ વ્યાપારશક્તિ એ "હું"નું અતિ સૂક્ષ્મ યંત્ર છે અને તેથી તેને ઘણીવાર "હું"થી નિરાળુ પાડી અનુભવવું એ વિષમ થઈ પડે છે. તેમ છતાં અભ્યાસથી તમે તેને તમારાથી દુર નીહાળવાની ટેવ પાડી શકો તેમ છો. અને તે સિદ્ધ થયે તમે આ સૂક્ષ્મ હથીઆરને અધિકપણે તમારા આધિપત્યમાં લાવવા સમર્થ બનો છો. આ પ્રકારે બુદ્ધિના વ્યાપારો ઉપર તમારૂં દૃષ્ટાપદ સિદ્ધ કરવામાં સૌથી અધિક આશ્ચર્ય જેવું તો તમને એ જણાશે કે બુદ્ધિગત વ્યાપારોને બુદ્ધિના સાધનં વડે જ તમારૂં "હું" વિષય બનાવી શકે છે. જેમ એક હિરાની સહાયથી અન્ય હિરાને કાપી શકાય છે તેમ એક પ્રકારની બુદ્ધિની ક્રિયાનું અવલંબન ગ્રહી અન્ય તેવાજ વ્યાપારને "હું" અનુભવી શકે છે.

આ બુધ્યાત્મક મન પછી ક્રમમાં ત્રીજું દિવ્ય મન (Spiritual or super conscious mind) આવે છે, જે હવે પછી ચર્ચશું. (અપૂર્ણ)

અધ્યાત્મી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ સભા તરફથી આ શહેરમાં શેઠ દેવકરણભાઇ મુળજીને માનપત્ર આપવાનો કરવામાં આવેલો મેળાવડો.

વંથળી નિવાસી ઉક્ત શ્રીમાન્ ગૃહસ્થ કે જેઓ ધાર્મિક અને સમાજહિતના અનેક ખાતાઓમાં પોતાનો ઉદાર હાથ લક્ષ્મીનો વ્યય કરી વારંવાર લંબાવવા માટે સુપ્રસિદ્ધ છે, અને તેવીજ રીતે હાલમાં ગયા માસમાં પ્રતિષ્ઠા, જૈનપરિષદ્ વગેરે કાર્યો કરી અત્રે પધારતાં તેઓશ્રીને આ સભા તરફથી માનપત્ર આપવાનો વિચાર થતાં તેનો સ્વીકાર થયો અને જ્યેષ્ટ વદી ૧૦ બુધવારના રોજ શેઠ ત્રિભુવનદાસ ભાણજી જૈન કન્યાશાળાવાળા મકાનમાં આ સ્ટેટના મુખ્ય દિવાન સાહેબ મુરારજી આણંદજી તના સાહેબના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

આ સભા તેમજ શ્રી જૈનધર્મ પ્રસારક સભા એ બંને સભાઓ તરફથી સાથેજ માનપત્ર આપવાનું પ્રથમથી નક્કી કરવામાં આવ્યું હતું જેથી બંને માનપત્રો સાથેજ આપવામાં આવ્યા હતાં.

સદરહુ મેલાવડામાં આ રાજ્યના નાયબ દિવાન સાહેબ, દરેક ખાતાના મુખ્ય મુખ્ય અધિકારી સાહેબો, નગરશેઠ પરભુદાસ ભગવાનદાસ અને ઇતર દર્શનના વ્યાપારી આગેવાનો અને જૈન કોમના આગેવાનો વગેરે મળી સારી સંખ્યામાં માણસો એકત્ર થયા હતા.

પ્રથમ વોરા અમરચંદ જસરાજની દરખાસ્તથી અને શાહ મગનલાલ ઓધવજીના ટેકાથી મેહેરબાન દિવાન સાહેબે પ્રમુખસ્થાન લીધું હતું. ત્યારબાદ બંને સભાઓની વતી મેલાવડાનો હેતુ કહેતાં શાહ કુંવરજી આણંદજી બોલ્યા હતા કે હિંદુસ્થાનની જૈન કોમમાં પ્રખ્યાતી પામેલી આ બંને સભાઓ તરફથી ઉક્ત શેઠ સાહેબને માનપત્ર આપવાનો આ મેલાવડો કરવામાં આવ્યો છે અને ત્યારબાદ મજકુર શેઠ દેવકરણભાઇની તેઓની સખાવતો વગેરે ઉત્તમ કાર્યોથી ઓળખાણ આપી હતી. ત્યારબાદ બંને સભાના સેક્રેટરીઓને માનપત્ર વાંચવાની સુચના કરી હતી. શ્રી જૈનધર્મ પ્રસારક સભાના માનપત્રની હકીકત શ્રી જૈનધર્મ પ્રકાશના અશાડ માસના અંકમાં બહાર પડેલી છે જેથી અમારી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી આપવામાં આવેલું માનપત્ર કે જે સભાના સેક્રેટરીએ વાંચી સંભળાવ્યું હતું તે તથા શેઠ દેવકરણભાઇનો જવાબ આ નીચે આપવામાં આવે છે.

## श्री परमात्माने नमः

## સદ્‌ગુણ સંપન્ન, પરોપકાર પરાયણ, દઢધર્મી, ધર્મોદ્ધારક, વિદ્યોત્તેજક, માન્યવર, શેઠ સાહેબ દેવકરણભાઇ મુળજીભાઇ.

શ્રીયુત મહાશય !

આપના નિવાસ સ્થળ વંથળીમાં એક ભવ્ય જીનાલય બંધાવી, હાલમાં પ્રતિષ્ઠામહોત્સવ જેવું મહાન માંગલ્ય કાર્ય કરી અને સાથેજ વધારામાં સુધારણા અર્થે વિવિધ વિષયો પર ઉહાપોહ કરી સમાજને પોતાના કર્તવ્યનું ભાન જાગૃત કરાવવા એક પરિષદ ભરી, મનુષ્ય જન્મનું સાર્થક ઉદાર હાથે અને બહોળા ખર્ચે કરીને છેવટે પવિત્ર શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરી આ શહેરમાં આપનું ઉજ્જવલ આગમન થતાં અમોને તે માટે થયેલ હર્ષોદ્‌ગાર જણાવવાની આ ઉત્તમ તક હાથ ધરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપશ્રીએ જૈન જેવા ઉત્તમ કુળમાં જન્મ ધરીને જેમ કુળને કીર્તિમાન કરેલું છે તેમ ઉત્તમ શ્રાવક તરિકે પણ આપની અનેક સખાવતોને લઇને આપની કારકીર્દી પ્રસંશનિય છે.

આપશ્રીએ કરેલા અનેક જનહિત—સમાજહિતના કાર્યો આપશ્રીની સમુદાય પ્રત્યે લાગણી, ઉદારતા અને ધર્મશ્રદ્ધા આદિ સદ્‌ગુણો બતાવે છે.

આપશ્રીએ કરેલા ધાર્મિક અને સમાજહિતના કાર્યો જેવા કે વંથળીમાં પ્રતિષ્ઠામહોત્સવ, કોમના નિરાધાર બાળકો રજળી રખડી, ભીખ માગી ધર્મભ્રષ્ટ ન થાય તેને માટે શ્રી સિદ્ધક્ષેત્ર બાળાશ્રમને અપૂર્વ સહાય, કેળવણીના ઉત્તેજન અર્થે જુનાગઢમાં બોર્ડીંગની સ્થાપના અને વંથળીમાં શ્રી ચારિત્રવિજયજી જૈન લાઇબ્રેરી, એટલુંજ નહીં પણ ગુરૂભકિતના પુરાવા તરકિ મુંબઇ શહેરમાં શ્રીમાન મોહનલાલજી જૈન સેન્ટ્રલલાઇબ્રેરી સ્થાપવામાં મુખ્ય હાથ, સારી રકમની મદદ અને સંપૂર્ણ દેખરેખ રાખવા સાથે દયાના પુરાવા તરિકે ત્રીજા વર્ષ ઉપર પાલીતાણામાં થયેલ હોનારત પ્રસંગે એક સારી રકમની સહાય વગેરે કાર્યોથી આપ ખરેખર એક દાનવીર નરરત્ન છો. જેથી આપના તે સખાવતી કાર્યો માટે અમો ધન્યવાદ આપીએ છીયે અને તે પ્રશંસનીય તમામ પ્રસંગોનું સ્મરણ કરી અમો આનંદમાં અતિ નિમગ્ન થઇએ છીયે.

આપશ્રીની ધર્મ ગુરૂઓ પ્રત્યેની અપૂર્વ ભક્તિના પ્રસંગો તપાસતાં અમારે સહર્ષ કહેવું પડે છે કે, પરમકૃપાળુ શ્રીમદ્ વલ્લભવિજયજી મહારાજનું ગઇ સાલ મુંબઇ શહેરમાં ચાતુર્માસ થતાં તેઓ પ્રત્યેની આપની અપૂર્વ ભક્તિ, તેઓના ઉપદેશ, ચારિત્ર અને ઉત્તમ મુનીપણા માટે આપની દઢ શ્રદ્ધા, અપૂર્વતા, ને અત્યાનંદતાને લઇ ઉક્ત મહાત્માના ઉપદેશથી સ્થાપન થયેલ શ્રી મહાવીર વિદ્યાલય જેવા કેળવણી વૃદ્ધિના મહાન કાર્યને આર્થિક વગેરે સહાય આપવામાં પણ આપે ઉદારતા સાથે ખરેખરી નિસ્પૃહીપણે ગુરૂભક્તિ બતાવી છે.

ઉક્ત મહાત્માના પ્રસંગથી ધર્મશ્રદ્ધામાં વૃદ્ધિ થઇ છે, એટલુંજ નહિ પરંતુ સ્વામી ભાઇઓની ઉન્નતિ અર્થે, સાહિત્ય અર્થે અને નિર્વાહના ક્ષેત્રોને પોષવા માટે ઉત્તમ કાર્યો કરવાની વધતી જતી અભિલાષા માટે ઉક્ત મહાત્માનાજ પવિત્ર મુખથી આપશ્રીના ઉપરના ઉચ્ચ ગુણો માટે પ્રશંસા સાંભળતાં તે ઉત્તમ ગુણો માટે અમારૂં અંતઃકરણ હર્ષથી ઉભરાઇ જાય છે. જેથી પરમાત્મા પાસે પ્રાર્થના કરીયે છીએ કે આપ સુખ શાંતિમાં દીર્ઘાયુષ્ય ભોગવી અનેક જનહીતના કાર્ય કરી મનુષ્ય જન્મનું વધારે સાર્થક કરવા ભાગ્યશાળી બનો.

છેવટે એક હકીકત જણાવવા રજા લઇએ છીએ કે, અમારી આ શ્રી જૈન આત્માનંદ સભાની દેવગુરૂની કૃપાથી દિનપ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. તે સાથે આપ જેવા પ્રતિષ્ઠિત અને ધર્મચુસ્ત ગૃહસ્થના પધારવાથી આજે અમોને જે હર્ષ થયો છે, તે બતાવવાને અમારી પાસે પૂરતા શબ્દો નથી. તો પણ આપના ઉપર જણાવેલા અનેક ગુણોને ફરીથી યાદ કરી આ લઘુ માનપત્ર આપશ્રીને એનાયત કરીએ છીએ.

**વીર સંવત્ ૨૪૪૧ આત્મ સંવત્ ૨૦**
**જેઠ વદ ૧૦ બુધવાર**
**તા૦ ૭–૭–૧૯૧૫**

**અમો છીએ આપના સ્વધર્મી બંધુઓ**

૧ શાહ મગનલાલ ઓધવજી પ્રમુખ.
૨ શેઠ ગુલાબચંદ આણંદજી ઉપપ્રમુખ.
૩ વોરા ગીરધરલાલ ગોરધન ટ્રેઝરર.
૪ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ સેક્રેટરી.
૫ શેઠ હરજીવનદાસ દીપચંદ સેક્રેટરી.

વગેરે શ્રી જૈન આત્માનંદ સભાના સભાસદો—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શેઠ દેવકરણભાઈનો જવાબ.

### મહેરબાન પ્રેસીડેન્ટ અને અત્રે પધારેલા ગૃહસ્થો !

શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી મને જે માનપત્રો આપવામાં આવ્યાં છે, તે મારી યોગ્યતા ઉપરાંતના છે. મેં એક ધર્મકાર્ય મારી શક્તિના પ્રમાણમાં કર્યું છે. તેથી કાંઇ વિશેષ કર્યું નથી. મારી કરતાં વધારે દ્રવ્યનો વ્યય સતકાર્યમાં વિવેક પૂર્વક કરનારા પૂર્વે અનેક ગ્રહસ્થો થઇ ગયા છે અને અત્યારે પણ ઘણા વિદ્યમાન છે. મેં એવું કાંઇ પણ અપુર્વ કાર્ય કર્યું નથી. કે જેથી હું આવા સમુદાયના માનપત્રને લાયક ગણાઉં છતાં મારી ઉપરના સ્નેહના આકર્ષણથી આકર્ષાઇને મારા નાના કાર્યને મોટું લેખવીને તેમજ મારા અલ્પ માત્ર ગુણોને મહાન લેખવીને આ માનપત્ર આપવાનો જે પ્રયાસ કર્યો છે, તેને માટે હું બંને સભાનો અંતઃકરણથી આભાર માનું છું. અને માત્ર એવા સમુદાયનો તેમજ અત્રે તસ્દી લઇને પધારેલા આ સ્ટેટના મહેરબાન દીવાન સાહેબનો હાથ પાછો ન ઠેલવો તેમની આજ્ઞાનાનો સ્વીકાર કરવો એવા વીચારથીજ મારી યોગ્યતા ઉપરાંતના આ માનપત્રનો હું સ્વીકાર કરૂં છું.

હાલમાં જરૂરીયાત ખાસ કેળવણી વધારવાની છે. અમારી જૈન કોમ કેળવણીમાં હજુ બહુ પાછળ છે. તેને માટે બોર્ડીંગો વીગેરે સાધનોની ઘણી અપેક્ષા છે. તે માટે એવા કેળવણી લીધેલા ઉછરતી વયના બંધુઓ ધર્મશ્રદ્ધાથી વિમુખ થઇ ન જાય તે માટે તેની સાથે સાથે ધાર્મીક કેળવણી આપવાની પણ જરૂર છે.

હાલમાં પ્રજાના બ્હોળા ભાગનું વલણ તે તરફ ખેંચાયેલું છે અને તેમ થવાથીજ ઉત્તરોત્તર ઉન્નત દશા થવાનો સંભવ છે. મારૂં લક્ષ પણ તે તરફ ખેંચાયેલું છે. પોતાથી બની શકતું કરવાની દરેક વ્યક્તિની ફરજ છે હું જે કાંઇ કરૂં અને કરીશ તે મારી ફરજ સમજીનેજ કરૂં છું અને કરીશ તેમાં હું કાંઈ ઉપકાર કરતો નથી. છતાં આપ તેને બહુ માનો છો તો હું તેને માટે આપનો આભારી છું.

બંને સભા પ્રત્યે હું નિરંતર પ્રેમવાળી દ્રષ્ટીથી જોઉં છું અને જોઇશ તેઓ પણ મારા તરફ પ્રેમભાવ કાયમ રાખશે એમ હું ઇચ્છું છું. અને ફરીને મહેરબાન દીવાન સાહેબ કે જેમણે મારી ખાતર અહીં પધારવાની તસ્દી લીધી છે. તેથી તેમનો બંને સભાના સભાસદોનો અને અત્રે પધારેલા સર્વે સદ્ગ્રહસ્થોનો આભાર માનું છું. અને બેશી જવાની રજા લઉં છું.

ત્યારબાદ આ સભાના શાસ્ત્રી નર્મદાશંકર દામોદર અને કવિ શામજી લવજીએ સમયોચિત સંસ્કૃત અને ગુજરાતી પદ્યોવડે સભા રંજન કરી હતી. ત્યારબાદ પ્રમુખ સાહેબે બહુ સુંદર શબ્દોમાં વિવેચન કર્યું હતું. ત્યારબાદ શેઠ ગુલાબચંદ આણંદજીએ પ્રમુખ સાહેબનો, શેઠ દેવકરણભાઇનો, આવેલા અધિકારી સાહેબનો, ગ્રહસ્થોનો ઉપકાર માનવાની દરખાસ્ત મૂકી હતી, ત્યારબાદ શેઠ કુંવરજી આણંદજીએ પ્રમુખ સાહેબે કરેલ વિવેચન ધ્યાનમાં રાખવા સુચના કરતાં પોતાના લઘુ બંધુની ઉપકાર માનવાની દરખાસ્તને ટેકો આપ્યા બાદ ફુલહાર તોરા આપ્યા બાદ મેલાવડો વિસરજન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાધનપુર નિવાસી સદ્ગુણાલંકૃત શ્રીમતી બેન ગલબીબાઇનેસુરતમાં શ્રી જૈન સમાજ તરફથી આપવામાં આવેલું માનપત્ર.

ઉક્ત બેન જે કે ખરેખર વિદ્યાવિલાસી છે જેને માટે પોતે હાલમાં કરેલ સખાવત માટે નામદાર બ્રીટીશ સરકારે તેઓશ્રીને કયસરે હિંદનો માનવંતો ખેતાબ એનાયત કર્યો તેનો આનંદ પ્રદર્શિત કરવામાં સુરતના શ્રી જૈનસમાજ તરફથી તેઓને ગયા માસમાં એક માનપત્ર આપવામાં આવ્યું હતું. જે માનપત્ર નીચે મુજબ છે.

## શેઠ ખોડીલાલ સોભાગચંદના ધર્મપત્ની ધર્મપરાયણ ગલબીબાઇ.

ધર્મનિષ્ઠ બ્હેન !

નામદાર બ્રિટીશ સરકાર તરફથી સમ્રાટ્ શ્રી પંચમ જ્યોર્જના જન્મદિવસની ખુશાલીના શુભ પ્રસંગે " **કૈસરે હિંદનો રૂપેરી ચાંદ** " આપને બક્ષવામાં આવ્યો છે તે બાબતની ખુશી દર્શાવનારૂં આ માનપત્ર સુરતના શ્રી જૈન સમાજ તરફથી આપને અર્પણ કરવામાં આવે છે.

જ્યારે આપની યોગ્યતાની કદર આપણી નેક નામદાર કે જેની છત્રછાયામાં આપણે તો શું પણ દરેક પ્રજા પોતાનો યોગ્ય હક જાળવી રહી છે તે સરકારે કરી છે તો અમો પોતાની એક ધર્માત્મા બ્હેનની કદર બુઝીએ એમાં કાંઇ નવાઇ જેવું નથી.

આપે આપણા પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનો છ'રી પાળતાં સંઘ કાઢી હજારો રૂપિઆ ખર્ચી ઘણા જીવોને યાત્રાનો શુભ લાભ આપી તેમજ રાધનપુર વગેરે ઘણે સ્થળે પ્રતિષ્ઠા વગેરે શુભ કાર્યોમાં પોતાના પુણ્યના વારસામાં મળેલ લક્ષ્મીનો સદુપયોગ કરી પોતાની ધર્મ પ્રતિ ઉંડી લાગણી પુરવાર કરી આપી છે.

આપના પુર્વજોની જે કીર્તિ રાધનપુર તેમજ બહાર દેશાવરોમાં મશહૂર છે તેમાં આપે તે " મસાલીઆ કુટુંબ " ના અંગ રૂપે વધારો કર્યો છે એ આપનું કાર્ય અનુમોદન કરવા યોગ્ય તેમજ અનુકરણીય છે.

હાલનો જમાનામાં કેળવણીની ખાસ જરૂર છે. દેશ તેમજ વિદેશમાં એ બાબતનાં સાધનો પુરાં પાડવા ચારે તરફથી માંગણી ઉપર માંગણી આવે છે. વિદ્યા—જ્ઞાન દાનના પ્રેમી તેમાં યથાશક્તિ ભાગ લઇ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી પોતાની કીર્તિની સાથે પોતાનું નામ આ દુનિયામાં અમર કરે છે એવા સમયમાં આપે પણ પોતાની જન્મભુમી થરાદમાં અંગ્રેજી સ્કૂલને માટે સારી રકમ આપી પોતાની કેળવણી પ્રત્યેની લાગણી દર્શાવી થરાદની પ્રજાનો આશિર્વાદનો પોતાના વારસામાં વધારો કર્યો છે.

આપ એક રાધનપુર નિવાસી બાનુ વૈધવ્ય દશાને પ્રાપ્ત થયેલાં છતાં " કૈસરેહીંદ " નો રૂપેરી ચાંદ મેળવનાર પ્રથમ જૈન છો એ બીના રાધનપુરના જૈનોને હરખાવનારી છે.

છેવટમાં આપ સુખી દીર્ઘાયુષી થઇ મેળવેલ માનનો સદુપયોગ કરી પોતાની કોમને, દેશને, અને મનુષ્યમાત્રને તો શું જીવમાત્રને પણ આપની લક્ષ્મીનો સદુપયોગ કરી હિતકારી નીવડો અને જેવી રીતે સરકારના માનના પાત્ર બન્યાં છો તેવીજ રીતે સર્વત્ર ધર્મના કામ કરી શ્રી સંઘના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનના પાત્ર બનો અને આપનું અનુકરણ અન્ય જૈન બાઇ ભાઇ કરો એવી શાસન દેવતા પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

તા. ૯—૭—૧૫.
વીરસંવત્ ૨૪૪૧ વિક્રમ ૧૯૭૧
જેઠ વદી ૧૨ શુક્રવાર.

શેઠ નગીનચંદ કપૂરચંદ.

## સુધારો.

ગયા અંકના મંદેસોરની ઉત્પત્તિવાળા લેખમાં પાને ૩૬૩ માં ૯ મી લીટીમાં "જેઓએ આર્હત ધર્મની ઉન્નતિ માટે છ અનુયોગ દ્વારને પ્રથક કરીને ભારતવર્ષના જૈન સંઘ ઉપર ઉપકાર કર્યો છે" તેમ છપાયેલ છે, તેમાં છ અનુયોગ દ્વારને બદલે ચાર અનુયોગ દ્વાર સમજવાં.

ગયા અંકમાં સાધુના ચાતુર્માસમાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજનું ચાતુર્માસ સુરત ગોપીપુરા શેઠ નગીનદાસ ઝવેરચંદને બદલે સુરત ગોપીપુરા નવી ધર્મશાળામાં શેઠ નગીનદાસ કપૂરચંદ સમજવું. વળી તેવીજ રીતે પન્યાસજી મહારાજશ્રી સોહનવિજયજીનું ચોમાસું બડનગરમાં એમ છપાયેલ છે તેને બદલે મુકામ બદનાવર વાયા બડનગર જીલ્લા ધાર માલવા એમ સમજવું.

## શ્રીમદ્ વિજયાનંદ સૂરિ આત્મારામજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસનો નિર્ણય અને ઉકત મહાત્માઓને વિનંતિ.

પૂજ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના પરિવારના મુનિરાજોને વિનંતિ કે તેઓશ્રીના ચાતુર્માસ કયા કયા સ્થળે નક્કી થયા છે, તેના તેમજ કેટલા મુનિરાજો છે, તે વડિલ મુનિમહારાજના નામ સાથે અમોને જણાવવા કૃપા કરવી, જેથી આ માસિકમાં તે સર્વની જાણ માટે પ્રગટ કરાય.

### ભાવનગર—શ્રાવકનો ઉપાશ્રય.

મુનિરાજશ્રી પ્રેમવિજયજી મહારાજ — મુનિરાજશ્રી મનહરવિજયજી મહારાજ
,, રામવિજયજી મહારાજ

### દક્ષિણ હૈદ્રાબાદ.

મુનિરાજશ્રી દોલતવિજયજી મહારાજ — ,, ધર્મવિજયજી મહારાજ
,, કપુરવિજયજી ,,

### વીરમગામ.

મુનિરાજ માણેકવિજયજી અને નરેંદ્રવિજયજી આદિઠાણા—૪

### જામનગર—શ્રાવકનો ઉપાશ્રય.

મુનિરાજ શ્રી જયવિજયજી મહારાજ — મુનિરાજ શ્રી વિનયવિજયજી
મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ — મુનિરાજ શ્રી મંગળવિજયજી
મુનિરાજ શ્રી પ્રતાપવિજયજી મહારાજ — મુનિરાજ શ્રી કેશરીવિજયજી મહારાજ
,, મણિવિજયજી ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાલીતાણા—કચ્છીની ધર્મશાળા.

ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજી મહારાજ.

પન્યાસશ્રી મહારાજશ્રી દાનવિજયજી મહારાજ.

| | | | |
|---|---|---|---|
| મુનિરાજ | કલ્યાણવિજયજી | મુનીરાજ | પદ્મવિજયજી મહારાજ |
| ,, | રંગવિજયજી | ,, | શંકરવિજયજી ,, |
| ,, | ભક્તિવિજયજી | ,, | સુમતીવિજયજી ,, |
| ,, | જશવિજયજી | ,, | ઉદ્યોતવિજયજી ,, |
| ,, | કેશરવિજયજી | ,, | મેરૂવિજયજી ,, |
| ,, | મોતીવિજયજી | | |
| ,, | મંગળવિજયજી | | |

## ગુજરાત પાટણ—મણીયાતી પાડો શ્રાવકનો ઉપાશ્રય.

| | | | |
|---|---|---|---|
| પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી | મહારાજ | મુનિ શ્રી હેમવિજયજી | મહારાજ |
| મુનિ શ્રી લબ્ધિવિજયજી | ,, | મુનિ શ્રી મોતિવિજયજી | ,, |
| મુનિ શ્રી ચતુરવિજયજી | ,, | મુનિ શ્રી લાભવિજયજી | ,, |
| ,, ,, કીર્તિવિજયજી | ,, | ,, ,, નાયકવિજયજી | ,, |
| ,, ,, ગુણવિજયજી | ,, | ,, ,, રત્નવિજયજી | ,, |
| ,, ,, મેઘવિજયજી | ,, | ,, ,, જીનવિજયજી | ,, |
| ,, ,, પુણ્યવિજયજી | ,, | ,, ,, ઉદયવિજયજી | ,, |

# વર્તમાન સમાચાર.

દેશ માળવામાં મંદસોર નજીક રીંગણોદમાંથી પાંચ પ્રતિમા હાલમાં પ્રગટ થયા છે. પ્રતિમાજી ઘણાંજ સુંદર ચમત્કારિક અને પ્રાચિન છે અને પુષ્કળ અમી ઝરે છે. હજારો લોકો દર્શનાર્થે આવે છે. ( મળેલું )

## માલવા મેવાડમાં સાધુ વિહારથી થતા ફાયદા.

શ્રીમાન્ મુનિ મહારાજ **શ્રી હંસવિજયજી સાહેબના** શિષ્ય પન્યાસજી **શ્રી સંપદ-વિજયજી** મહારાજ ગુરૂ આજ્ઞા અનુસાર શેઠ ચંદનમલજી નાગોરી આદિ શ્રાવક વર્ગની વિનંતીથી મેવાડ જીલ્લામાં આવેલી " છોટી સાદરી " પધાર્યા હતાં. ત્યાં અમદાવાદમાં દીક્ષિત થયેલા મુનિ શ્રી શંભુવિજયજીને વડી દિક્ષા આપી છે. ત્યાંના રહીશ શેઠ હેમરાજભાઇએ જીવદયાનો ફેલાવો કરવા " પ્રાણી પોકાર " નામની હિંદી બુકો ૫૦૦૦) છપાવવાનું ખર્ચ આપવાની ખુશી બતાવી છે. તથા " સ્નાત્ર પૂજા " છપાવવામાં પણ સારી ઉદારતા બતાવી છે. વ્રત નિયમ પણ ઘણા થયા હતા. ત્યાંથી ગુરૂભક્તિમાં હાજર થતાં ચિત્તાખેડા પધાર્યા હતાં. ત્યાંના જાગીરદાર સાહેબના કુંવરજી શ્રીયુત દુલેસિંહરાવજીએ વ્યાખ્યાનમાં પધારી મોટી સભા વચ્ચે ઉપદેશ શ્રવણ કરી મહિનામાં દશ દિવસ ( દશપર્વી ) શિકાર નહિ કરવા પ્રતિજ્ઞા ( નિયમ ) લીધી હતી. અને ત્યાં દશરા ઉપર મરતા પાડા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને છોડી મુકવાની કોશિષ કરવા સ્વીકાર્યું હતું. ત્યાંની બંધ પડેલી જૈન પાઠશાળા ખુલ્લી મુકવાનો બંદોબસ્ત થઇ ગયો છે. ત્યાંથી જીરણગામ પધારતાં, પૂજા પ્રભાવના અને અનેક પ્રકારના નિયમો થયા હતા. ત્યાંથી કણગેટી થઇ ત્યાંના રહીશ શ્રાવકો સાથે પ્રાચીન સંપ્રતિ રાજાના વખતનું શ્રી વહીપાર્શ્વનાથનું તિર્થ છે. ત્યાંની યાત્રા કરી મન્દસોરમાં ગુરૂ મહારાજ પાસે હાજર થઇ ગયા છે.

## " मुनि महाराजका शहेर प्रवेश. "

मन्दसोर नवा परामेंसे परमोपकारी हंसवन्निर्मळ श्रीमान् हंसविजयजी महाराज साहेबादि ६ मन्दसोर शहेरमें बडे ठाठसें जेठ शुदि १५ के रोज पधारे है संख्याबंध मनुष्योने लाभ उठाया था, इतनाहि नहि बल्के प्रतापगढवाले शेठ लक्ष्मीचंदजी घीयाजी सपरिवार हाजर थे, महाराज साहेबका तथा पन्यासजी श्री संपदविजयजी महाराजादिने पोरवाडोंकी हवेलीमें मूकाम कीया है, वांहि श्रीमान् हंसविजयजी महाराज साहेबे मधुर ध्वनि सें सदुपदेश दियाथा, प्रभावनाके साथ सहर्ष विदाय हुवेथे, उक्त महाराज साहेबका चर्तुमास मन्दसोर में होवेगा.

## " परीक्षा लीई "

मन्दसोर शहेरमें श्री आत्मानन्द जैन पाठशाळाके विद्यार्थीयोंकी तथा लडकीयांकी श्री हंसविजयजी महाराज साहेबकी आज्ञानुसार मुनि कुसुमविजयजीने परीक्षा लीई, संघ तरफसें देवसीराई प्रतिक्रमण की पोथीयां वगेरे, इनाम तरीके देनेमें आया था.

## " गुरु वन्दनार्थ आगमन "

मन्दसोर शहेरमें श्रीमान् हंसविजयजी महाराज साहेब तथा पन्यासजी श्री संपदविजयजी महाराजादि मुनियोका दर्शनार्थे मेवाड जील्लेकी छोटी सादरी के श्रावक समुदाय साथ श्रीयुत् चंदनमलजी नागोरी हाजर हुवेथे, इनोने महाराज साहेबके मुखारविंदसें श्री आवश्यकजीसूत्रकी टीका का व्याख्यान सुणके थोडे दिनोके वास्ते श्री पन्न्यासजी को सादरी भेजनेकी अरज गुजारीथी लाभ जाणके गुरु महाराजजीने वांहां जानेकी पन्न्यासजी महाराजको परवानगी दीईथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ઘણીજ સસ્તી–અર્ધ કરતાં પણ ઓછી કંમતે સુરસ પુસ્તકો
જોઈતાં હોય તો આ જાહેરાત
**વાંચી મિત્રોને વંચાવો ને આ સસ્તી પુસ્તકમાળાના**
**ગ્રાહક થઈ તરતજ લાભ લો.**

# જ્ઞાનવર્ધક પુસ્તકમાળા.

## ગ્રાહકો માટેના નિયમો.

૧. **પ્રવેશફીના આઠ આના** મેનેજરને મળેથી ગ્રાહક તરીકે નામ નોંધાશે. પ્રવેશ ફી પહેલા પુસ્તકના વિ. પી. સાથે વસુલ લેવાનું જણાવશે તો તેમ કરવામાં આવશે.

૨. ગ્રાહકને આ માળાનાં તે ગ્રાહક થયા પછીનાં **તમામ પુસ્તકો અર્ધી કિંમતે** આપવામાં આવશે, ને તે લેવા તે બંધાયેલા ગણાશે. (પાછલાં પુસ્તકો ઉપર નવા ગ્રાહકનો હક્ક ગણાશે નહિ.)

૩. વર્ષની અધવચ થનારા ગ્રાહકને વર્ષની શરૂઆતથી ગ્રાહક તરીકે નોંધવામાં આવશે, ને તે વર્ષનાં બહાર પડેલાં પુસ્તકોમાંનાં જે સિલકે હશે તે બધાં તેને મોકલવામાં આવશે. ગ્રાહકને પુસ્તકોની કિંમત બદલ **એક વર્ષમાં વધારેમાં વધારે રૂપીયા બેથી** વધારે આપવું ન પડે તે માટે એક વર્ષમાં આ માળાનાં ચાર રૂપીઆથી વધારે કિંમતનાં પુસ્તકો કાઢવામાં આવશે નહિ.

૪. આ માળાનું દરેક પુસ્તક ત્રણથી ચાર ચાર મહીનાને અંતરે બહાર પડશે. નવું પુસ્તક તૈયાર થયેથી **ગ્રાહકોને વિ૦ પી૦ પોસ્ટથી મોકલવામાં આવશે.** વિ. પી. પોસ્ટેજ ગ્રાહકને શીર.

૫. કોઈ ગ્રાહક પુસ્તકનું વિ૦ પી૦ ન રાખતાં પાછું વાળશે તો તેની પ્રવેશફીના આઠ આના ઉપર તેનો હક રહેશે નહિ, ને તેની ફી "ફૉરફીટ" કરી તેનું નામ ગ્રાહકમાંથી કમી કરવામાં આવશે. આવી રીતે કમી થયેલાને ફરી ગ્રાહક થવુ હશે તો પ્રવેશફી નવા ગ્રાહક તરીકે ફરી ભરવી પડશે:

૬. કોઈ ગ્રાહકને ગ્રાહકમાંથી કમી થવું હશે તો ગ્રાહક થયાને એક વર્ષ પુરૂં થયા પછી કમી થઈ શકશે. આ પ્રમાણે **કમી થએલા ગ્રાહકની પ્રવેશફીના આઠ આના તેમના ખર્ચે પાછા મોકલવામાં આવશે,** યા છેલ્લા પુસ્તકની કિંમતમાં મજરે અપાશે.

૭. આ માળાના પાંચ વર્ષ સુધી કાયમ ગ્રાહક ચાલુ રહેનારને દર પાંચ વર્ષે **એક રૂપીઓ બોનસ તરીકે** મજરે આપવામાં આવશે.

૮. આ માળાના વર્ષની શરૂઆત ઇ. સનના અંગ્રેજી વર્ષની શરૂઆતથી ગણાશે.

૯. આ નિયમોમાં પ્રસંગોપાત ફેરફાર કરવાની જરૂર અમને જણાશે તો અગાઉથી ગ્રાહકોને જણાવીને કરવામાં આવશે.

**જીવનલાલ અમરશી મહેતા**
**મેનેજર; પીરમશાહ રોડ–અમદાવાદ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જ્ઞાનવર્ધક પુસ્તકમાળામાં કેવાં પુસ્તકો છપાશે?

આ માળા માટે અમુકજ વિષયનાં પુસ્તકો પસંદ કરવાનું બંધન બાંધી–ચીનાઓની સ્ત્રીઓના પગની પેઠે–માળાનું સ્વરૂપ સંકોચી ન નાંખતાં નવલકથા, જીવનચરિત્ર, વિદ્યાકળા, હુન્નર, ધર્મ, નીતિ, ઇતિહાસ, સાહિત્ય, સમાજ, વગેરે વિવિધ વિષયનાં પુસ્તકો પસંદ કરવાનું વિશાળ ક્ષેત્ર રાખવામાં આવશે. અર્થાત્ ગૃહસ્થો, સ્ત્રીઓ, બાળકો, ધર્મના ભાવિક જનો તથા નવલકથા ને નાટકના રસિકો વગેરે સર્વ વર્ગના વાંચનારાઓને આનંદદાયક થઈ તેમના જીવનના ઉન્નતિક્રમમાં સહાયક ને પ્રોત્સાહક થાય તેવાં પુસ્તકોની પસંદગી થશે; અને તે માટે ગ્રાહકો તરફથી પુરતું ઉત્તેજન મળેથી જરૂર પડતાં **પ્રતિષ્ઠિત લેખકોને પારિતોષિક આપીને પણ પુસ્તકો લખાવવામાં આવશે.**

આ માળાનાં પુસ્તકોના કાગળ, છપાઈ, બંધાઈ વગેરે લાઇબ્રેરીને શોભારૂપ થાય તેવાં પુસ્તકના કદના પ્રમાણમાં ઘટતાં રાખવામાં આવશે.

## આ પુસ્તકમાળાના ગ્રાહકોને જોખમદારી કાંઈ છે?

ગ્રાહકોને આ માળાનું આખા વર્ષનું લવાજમ અગાઉથી એકદમ ભરીને નવાં પુસ્તકો માટે આખું વર્ષ વાટ જોતા બેસવાનું નથી, પણ પુસ્તક હાથમાં લઇને જ તેની અર્ધી કિંમત આપવાની છે; લવાજમ યા કિંમતના પૈસા સામટા ભરવા પડે તેમ નથી; દરેક પુસ્તક વિ૦ પી૦ થી આવવાનું હોવાથી ગેરવલ્લે જવાનો પણ ભય નથી. પ્રવેશફીના માત્ર આઠ આના આપવાના છે તે પણ ગ્રાહકમાંથી કમી થનારને રોકડ પાછા મળે છે. એટલે આ **યોજના તદ્દન બીનજોખમી છે.**

## આ માળાના કાયમના ગ્રાહકોને મળવાનો બેવડો લાભ.

નિયમ પ્રમાણે આ માળાના કાયમના **ગ્રાહકને અર્ધી કિંમતે પુસ્તકો મળવા ઉપરાંત પાંચ વર્ષે એક રૂપીઓ બોનસનો** આપવાનો છે, એટલે લગભગ ૧૦–૧૨ ટકાનું બોનસ યા કમીશન વધારાના લાભ દાખલ મળવાનું છે, એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે. (**દાખલા તરીકે**–અમે ઑન. રા. બ. રમણભાઈ **મહીપતરામ નીલકંઠનું "રાઇનો પર્વત"** નામે એક રૂ.ની કિંમતનું નાટક પ્રસિદ્ધ કર્યું છે તે આ માળાના ગ્રાહકને મળવાનું હોય તો નિયમ પ્રમાણે રૂ. ૧ ને બદલે આઠ આનામાં મળે ને તે ઉપરાંત બોનસનો લગભગ એક આનો મજરે મળવાનો એટલે એક રૂ.નું પુસ્તક કાયમના ગ્રાહકને લગભગ સાત આને મળે.)

## અમારી આશા–પાંચ હજાર ગ્રાહકો થવાં જોઇએ.

પ્રથમથી લાંબાં લાંબાં બણગાં ફુંકવા કરતાં કામ વડે ખાત્રી કરી આપવી એજ યોગ્ય ને ઉત્તમ છે, તેથી અમે પહેલાંથી મોટી મોટી આશાઓ ન આપતાં ટુંકામાં એટલીજ ખાત્ર આપીશું કે, ગુર્જર ભાઇઓ અને બહેનો અમારી આ યોજનાની કદર કરી પુરતી સંખ્યામાં ગ્રાહકો થશે તો અમે **વિદ્વાનોનાં સારાં સારાં પુસ્તકો ઘણાજ સસ્તા દરથી બહાર પાડવા શક્તિમાન થઇશું. ગ્રાહકો વધારે હોય તેમ કિંમત ઓછી રાખવાનું પોસાય એ દેખીતુંજ છે** એટલે અમારી બધી ધારણા પાર પડવાનો આધાર ગ્રાહકોની સંખ્યા ઉપરજ રહે છે. **આવી યોજના ફતેહમંદ થવા માટે કમીમાં કમી પાંચ હજાર ગ્રાહકે ની જરૂર છે. "આ કાર્ય સારૂં છે તો તેમાં સહાયક થવાની પરમ કૃપાળુ પરમેશ્વર સૌને પ્રેરણા કરશે એવી પૂર્ણ આસ્થા છે."**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" માટે

## અર્ધી કિંમતે આપવા પસંદ કરવા ધારેલાં કેટલાંક પુસ્તકો.

આ પુસ્તકમાળા સારૂ નીચેનાં પુસ્તકો તૈયાર કરાવવાની તજવીજ ચાલે છે. તેમાંનાં જે વહેલાં તૈયાર થશે છપાવવાની ગોઠવણ થશે. કોઈ વિદ્વાન્ કે જાણીતા લેખક પોતાનું પુસ્તક આ સસ્તી પુસ્તકમાળા માટે આપવાની ઇચ્છા દર્શાવશે તો તે આભાર સાથે સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત બીજાં પુસ્તકો માટે પણ તજવીજ ચાલુ છે.

**૧ હાસ્યમંદિર**—કર્તા ઑન. રા. બ. **રમણભાઇ મહીપતરામ** નીલકંઠ બી. એ., એલએલ. બી. આ પુસ્તકમાં "**હાસ્યરસ**" વિષેનો ૧૦૦–૧૨૫ પૃષ્ઠનો તેમનો નિબંધ તથા હાસ્યરસના તેમના અને તેમનાં પત્ની **સૌ. વિદ્યાગૌરી** બી. એ. ના ત્રીશેક લેખો–વાર્તાઓ–સંવાદો વગેરે આવશે. ખાસ તૈયાર કરાવેલાં ચિત્રો સાથે. પૃષ્ઠ લગભગ ૨૫૦ ઉપર. **આ પુસ્તક છાપવાનું શરૂ પણ થઈ ગયું છે.**

**૨ જેમ્સ એલન ગ્રન્થમાળા**—સુપ્રસિદ્ધ નીતિબોધક મર્હુમ મહાત્મા સર જેમ્સ એલનનાં ધર્મપત્નીની એલનના સર્વ ગ્રન્થોનું ગુજરાતીમાં ભાષાન્તર કરવા માટે ખાસ પરવાનગી મેળવી છે.

**૩ સંસારકથામંજરી**—સુશિક્ષિત વિદુષી ગુજરાતી સન્નારીઓ, વિદ્વાનો તથા ગ્રેજ્યુએટ ગૃહસ્થોએ લખેલી સાંસારિક, નૈતિક વગેરે વિષયની ન્હાની ન્હાની સુરસ વાતો.

**૪ કવીશ્વર દલપતરામ**—ક૦ દ૦ ડા૦ ના ગદ્ય લેખોનો નવોજ સંગ્રહ. આ સંગ્રહ છાપવા ગુ૦ વ૦ સોસાઇટીએ અમને પરવાનગી આપવાની કૃપા કરી છે.

**૫ ક્રીતો ને ફ્રીદો**—મહાત્મા સૉક્રેટીસનો વિષપાન–મરણ–વખતનો છેલ્લો આધ્યાત્મિક સંવાદ.

**૬ શ્રીમતી કમલાદેવી** (**મનોવેધક નવલકથા.**)—મૂળ બંગાળીમાં કર્તા–સવાલાખ રૂપીઆનું નૉબલ પ્રાઇઝ મેળવનાર પ્રસિદ્ધ બંગકવિવર **રવિન્દ્રનાથ ટાગોર.** પૃષ્ઠ ૩૫૦થી ૪૦૦ થશે.

**૭ મુક્તિમાલા** **અથવા જીવરાજ જીવન્મુક્તિ આખ્યાન.** કર્તા **ભરૂચના** મર્હુમ વકીલ **પ્રાણલાલ શંભુલાલ દેસાઇ.** વેદાન્તશાસ્ત્રના ગૂઢ સિદ્ધાન્તો ને પ્રમાણો સમજાવનારો સ્વતંત્ર નવો ગ્રન્થ. સંવાદ રૂપે.

**૮ લૉર્ડ બેકનના નિબંધો**—અંગ્રેજી ઉપરથી ભાષાન્તર.

**૯ પત્નીની પસંદગી**—આપણી હાલની સામાજીક સ્થિતિનો ચિતાર આપનારૂં પાંચ અંકી **નવું ગદ્ય નાટક.** (સચિત્ર.)

**૧૦ ન્યા. મૂ. રાનાડેનાં ધાર્મિક વ્યાખ્યાનો**—મરાઠી ઉપરથી ભાષાન્તર.

**૧૧ સુશિક્ષિત સ્ત્રી** **અથવા ગૃહકેળવણીનો ઉત્તમ આદર્શ**—કેળવાયેલી સ્ત્રી બાળકોને ઘરમાં શિક્ષણ કેવી રીતે આપે તેની નમુનેદાર નવલકથા.

**૧૨ નવીન કાવ્યદોહન**—નર્મદ–દલપતથી આજ સુધીના કવિઓનાં કાવ્યોમાંથી ચુંટણી. વગેરે–વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ પુસ્તકમાળા વિષે કેટલાક વિદ્વાનો તરફથી મળેલા અભિપ્રાય.

આ યોજના બહાર પાડતાં પહેલાં અભિપ્રાય તથા સલાહ માટે અમે તે ગુર્જર વિદ્વાનોને મોકલી હતી. તે ઉપરથી જે અભિપ્રાય મળ્યા છે, તેમાંના કેટલાક નીચે પ્રમાણે છે.

**રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ,** બી. એ.–પ્રોસપેક્ટસ હું ધ્યાનથી વાંચી ગયો છું. યોજના ખરેખર યશ આપનારી છે.

**રા. સા. જમીયતરામ ગૌરીશંકર શાસ્ત્રી,** બી. એ. ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર–તમે જે કામ કરવા ધાર્યું છે તેને હું ફત્તેહ ઇચ્છું છું.

**રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ,** બી. એ.–યોજના પુરેપુરી ફતેહમંદ થાઓ એમ હું ઇચ્છું છું.

**રા. રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા,** બી. એ. ભાવનગર સ્ટેટના કેળવણી ખાતાના ડીરેક્ટરઃ—આપની યોજનાથી ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં સારો લાભ થવા સંભવ છે; અને એ યોજના ઉત્તેજનને પાત્ર છે.

**રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા,** જુનાગઢ સ્ટેટના ચીફ એજ્યુકેશનલ ઑફિસર–યોજના વાચકવર્ગને લાભકારક જણાય છે, અને તેમાં આપે પ્રસિદ્ધ કરવા ધારેલાં પુસ્તકો પણ આજસુધી ગુર્જર પ્રજા સમક્ષ મૂકાયેલાં નાહ હોવાથી અભિરૂચ ઉત્પન્ન કરે એવાં છે.

**રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,** બી. એ., એલ્‌એલ્‌. બી.–મુંબઈ સ્મૉલકૉઝ કોર્ટના જજ–તમારી ધારેલી યોજના સારી છે.

**રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી**—તમારી પ્રવૃત્તિ શુભ તથા પ્રગતિવાળી હોવાથી મને આનંદ થાય છે. આપણા સાહિત્ય પ્રત્યેની આપની પ્રીતિ, તેના પ્રસાર માટે આપનાં ઉત્સાહ અને સાહસ તથા તેને આચારમાં મુકવા માટેની યોજના હું વર્ષોથી જોતો આવ્યો છું ને હાલમાં તેનો સાક્ષાત્ અનુભવ થતાં એ લોકહિતના તથા સાહિત્યની અભિવૃદ્ધિના કાર્યમાં તમારો જય ઇચ્છું છું.

**ઑન. રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ,** બી. એ., એલ્‌એલ્‌. બી.–યોજના બહુ ઉપયોગી છે. એ રીતે વાંચવા લાયક પુસ્તકોનો સારો સંગ્રહ સસ્તી કિંમતે વાચકવર્ગના હાથમાં આવશે, અને સાહિત્યભંડારમાં ધીમે ધીમે વધારો થતો જશે.

**મે. કેખુશરૂ અરદેશર બાલા,** બી. એ., પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ–તમે જ્ઞાનવર્ધક પુસ્તકમાળાની યોજના કરવા ધારી છે તેના પ્રોસપેક્ટ્સ ઉપરથી જણાય છે કે, જો તેજ પ્રમાણે તે યોજના અમલમાં મૂકાય તો પસંદ કરવા જેવી થઇ પડે.

**રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારિઆ,** એમ્. એ., એલ્‌એલ્‌. બી. મુંબઇની નિશાળોના ઇન્સ્પેક્ટર–તમારો પ્રયાસ વાચકોને યોગ્ય લાભ આપી પ્રકાશકોને વેચાણ ખાત્રી આપનારો સર્વ પક્ષને લાભકારક છે એમ મારૂં માનવું છે; અને ગુર્જર પ્રજા તેને આનંદથી સ્વીકારે તેવો છે.

**રા. રા. રણજીતરામ વાવાભાઈ મહેતા,** બી. એ.–યોજના ઘણી સારી છે. તમને સારૂં ઉત્તેજન મળશે એવી આશા છે. તમ પસંદગી (પુસ્તકોની) પણ સારી કરી છે.

**રા. રા. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રોફ,** બી. એ. વડોદરા શ્રી સયાજી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ—યોજના અતિ આવકારદાયક છે.

ઠે. પીરમશાહ રોડ
અમદાવાદ.

**જીવનલાલ અમરશી મહેતા,**
**મેનેજર, જ્ઞાનવર્ધક પુસ્તકમાળા.**

શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું, સલાપોસ રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા. રા. કેશવજી વિશ્વનાથ ત્રિવેદી કૃત (ખાસ સ્ત્રી ઉપયોગી)

# સતીમંડળ, ભાગ ૧-૨.

**સ્ત્રી પુરૂષના ધર્મ સાથેના દરેક ભાગ કિં. રૂ. અઢી.** આ પુસ્તકના **પહેલા** ભાગની સાતમી તથા બીજા ભાગની ત્રીજી આવૃત્તિ ઘણા સુધારા વધારા સાથે બહાર પડી છે તે જ તેની ઉપયોગીતા ને લોકપ્રિયતાની ખાત્રી છે. **દરેક કુટુંબમાં** એકેક નકલ ખાસ કરીને રહેવીજ જોઇએ તેવું **સ્ત્રી ઉપયોગી ઉત્તમ** આ પુસ્તક છે. નામદાર સરકારે તથા વડોદરા રાજ્યે **ઇનામ તથા લાઇબ્રેરી** બંને માટે મંજુર કરેલું છે. વનિતાવિશ્રામ ને સનાતન ધર્મનીતિ પ્રવર્તક મંડળી તરફથી લેવાતી પરીક્ષાઓ તથા શ્રાવિકાશાળાઓમાં રાખવા માટે પણ આ પુસ્તક પસંદ થયેલું છે.

---

# ગુજરાતી શબ્દકોષ.

## લાઇબ્રેરીના શણગાર રૂપ ૭૦૦૦૦ શબ્દોનો સંગ્રહ.

ગુજરાતી ભાષામાં સારામાં સારો ગણાતો **"નર્મકોષ"** ઘણાં વર્ષથી મળતો ન હોવાથી એક સારા કોષની આવશ્યકતા ઘણી લાંબી મુદત થયાં ગુજરાતી સાક્ષરો અને અભ્યાસીઓને જણાતી હતી આ ખોટ પુરી પાડવાના હેતુથી આ કોષ તૈયાર કરવામાં આવ્યો છે. આ કોષમાં **"નર્મકોષ"** માંના શબ્દો ઉપરાંત હજારો શબ્દોનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો છે. શબ્દોની વ્યુત્પત્તિ અને આધાર માટે પ્રાચીન કાવ્યો તેમજ આધુનિક લેખકોનાં લખાણોમાંથી અવતરણ પણ આપવામાં આવ્યાં છે. મોટા કદનાં પૃષ્ટ ૧૦૦૦ ઉપર. પુઠું સોનેરી. કીંમત મહેનતના પ્રમાણમાં છેકજ ઓછી—**માત્ર છ રૂપીઆ** પો.૦-૯-૦

---

# વેપારોપયોગી પાઠમાળા.

**દી૦ બ૦ અંબાલાલભાઈના "નાણાંભીડ" વિશેના આખા ભાષણ સહીત.**

**પાકું પુંઠું —કીંમત દસ આના.**

આ પુસ્તકમાં નાના મોટા સર્વે વેપારીઓને હમેશાં ઉપયોગી થઇ પડે તેવા નીચે પ્રમાણે ૨૮ પાઠ છે. (૧) વેપારનું મહત્વ. (૨) ધંધો. (૩) મુડી. (૪) નાણું. (૫) શાખ. (૬) પેઢીઓ, બેંકો અને શરાફો. (૭) વેપારમાં નામાનું મહત્વ અને તેની અગત્ય. (૮) ઘરાક અને વસ્યાત. (૯) જાહેરાત–પ્રસિદ્ધિ. (૧૦) પંત્યાળુ–સટ્ટારો વેપાર. (૧૧) વેપારીના ગુણસ્વભાવ. (૧૨) વેપારમાં ફતેહ મેળવવાનાં સાધનો. (૧૩) ધંધામાં ખોટ આવવાનાં કારણો. (૧૪) ઉધારીઆ વ્યવહારથી થતી હાની. (૧૫) વેપારમાં વિશ્વાસનું મહત્વ. (૧૬ વીમો, તેની જરૂર ને તેનો લાભ. (૧૭) વેપારી જ્ઞાનનાં સાધનો. (૧૮) તેજી મંદીનું જ્ઞાન. (૧૯) વેપારીને અર્થશાસ્ત્રના અભ્યાસની જરૂર. (૨૦) જકાત અને વેપારનાં તત્વો. (૨૧) મુસાફરી. (૨૨) વેપારની સગવડો. (૨૩) પત્રવ્યવહાર. (૨૪) અનુભવ, અભિપ્રાય અને સલાહના નિયમ. (૨૫) પ્રામાણિકપણું. (૨૬) ઈશ્વિર ઉપર આસ્થા. (૨૭) વેપારીનીતિ. (૨૮) બજારમાં નાણાંભીડ કેમ થાય છે ?

**જીવનલાલ અમરશી મહેતા;** પીરમશાહ રોડ; **અમદાવાદ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાનવર્ધક પુસ્તકમાળા.

**આ પુસ્તકમાળાના ગ્રાહકને હાલ શું લાભ મળે છે?**

## હાસ્યમંદિર

કર્તા—રા. બા. **રમણભાઇ મહીપતરામ** તથા તેમનાં પત્ની સૌ. વિદ્યાગૌરી **બી. એ.** આ પુસ્તકમાં "**હાસ્યરસ**" વિષેનો નિબંધ તથા હાસ્યરસિક લેખો—મનોરંજક વાર્તાઓ—સંવાદો વગેરે ૩૫ લેખો છે. ખાસ તૈયાર કરાવેલાં બે રમુજી ચિત્રો. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૫૦ ઉપર. પુંઠું સોનેરી નામનું પાકું. કિંમત રૂ. દોઢ. **જ્ઞાનવર્ધક પુસ્તકમાળાના ગ્રાહકોને માટે બાર આના છે.**

## ગોપાળ કૃષ્ણ ગોખલે

મૂળ લેખક પ્રો. પટવર્ધન, બી. એ. **ગોખલેના** જીવનને લગતી ઘણી નવી માહિતી તથા બાબતોથી ભરપુર આવું વિસ્તૃત જીવનચરિત્ર ગુજરાતીમાં આ એકજ છે. "**વસન્ત**" જેવડાં ૯૦ પૃષ્ઠ આમાંની પાંચ છબીઓજ પુસ્તકની આખી કિંમત વાળી દે તેવી છે. કિં. આઠ આના. પુસ્તકમાળાના ગ્રાહક માટે ચાર આના. **આ ઉપરાંત નીચેનાં ત્રણ પુસ્તકો** પણ અર્ધી કિંમતે મળે છે. એટલે ચારે પુસ્તકોમાં રૂ. બેનો ચોખ્ખો ગ્રાહકને લાભ મળે છે. નીચેનાં ત્રણે પુસ્તકોમાંથી જેમને જે જોઇએ તેજ લેવાય છે. બધાં લેવાનું બંધન નથી.

## શ્રી પ્રલ્હાદ

**કર્તા: સ્વ. ડા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ. કિંમત દસ** આના. આ નવીન નાટકની ફક્ત પાંચસોજ નકલો છપાવેલી હોવાથી છપામણી, ઉંચી જાતના ઍંકપેપર્સ તથા બંધામણીના ખર્ચની લાગત ચાર આના આવી છે, ને "**જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ના ગ્રાહકોને** ખાસ લાભ તરીકે **અર્ધી કિંમતે એટલે પાંચ આને** આપીએ છીએ.

## બાળ મહાભારત.

**"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ના ગ્રાહકોને માટે કિંમત અર્ધી એટલે ત્રણઆના.**

લખનાર સ્વ. **નારાયણ હેમચંદ્ર.** આ પુસ્તકમાં મહાભારતના **આદિપર્વથી સ્વર્ગારોહણ પર્વ સુધીના અઢારે** પર્વની હકીકત નાના મોટા તથા બાળકો આનંદથી રસપૂર્વક વાંચે તેવી રીતે ટુંકામાં આપી છે, ને છેવટે **કોની પાસેથી શું શીખવું** તેનું એક ખાસ બોધક પ્રકરણ આપેલું છે. સુપરરોયલ ૧૬ પેજી પૃ. ૯૬. કિં. **છ આના.**

## બ્રિટીશ રાજ્યની બલિહારી.

કર્તા સ્વ. ઉમીયાશંકર ખુશાલરાય જોશી. **કિંમત રૂ. એક.**

આ પુસ્તકમાં પ્રતાપી બ્રિટિશ શહેનશાહતની જાહોજલાલીનું બહુ અસરકારક રીતે વિવેચનમાં વર્ણન કરવામાં આવ્યું છે, અને ફુટનોટમાં તેની સમજ આપેલી છે. આ પુસ્તકના પાંચ ભાગ પાડેલા છે. પહેલા ભાગમાં **બ્રીટીશ રાજ્યની સ્થાપના;** બીજામાં **બ્રીટીશ રાજ્યના લાભ,** ત્રીજામાં **સુપ્રસિદ્ધ પુરૂષોનાં** કાર્યો અને જીવનચરિત્રો, ચોથામાં **સામાન્ય રાજ્યનીતિ બોધ** અને પાંચમામાં **જ્યુબીલી મહોત્સવો** વગેરે છે.

**જીવનલાલ અમરશી મહેતા.** ઠે. પીરમશારોડ—**અમદાવાદ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમા છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ " સત્તરીસય ઠાણુ સટીક " | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી |
| ૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " | શા. હીરાચંદ ગંડેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા તરફથી, |
| ૪ " દાન પ્રદીપ " | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ " મહાવીર ચરિત્ર " શ્રી નેમીચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ " સંબોધ સિત્તરી સટીક " | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ " સમયસાર પ્રકરણ સટીક " | શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી. |
| ૮ " ગુરૂગુણષટત્રિશિંકા " | શા. સોમચંદ ઉત્તમચંદ માંગરોળવાળા ત. |
| ૯ " ષટસ્થાનક પ્ર–સટીક " | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી. |
| ૧૦ " ચૈત્યવંદન મહાભાષ્ય " | શા. કુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી |
| ૧૧ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા ત. |
| ૧૨ " ષડાવશ્યક વૃત્તિ નમિસા–કૃત " | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા ત. |
| ૧૩ " પેથડ ઝાંઝણ પ્રબંધ " | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા ત. |
| ૧૪ " પુન્યધન ચરિત્ર " | શા. મનસુખભાઇ લલ્લુભાઈ પેથાપુરવાળા ત. |
| ૧૫ " કુમારપાળ પ્રબંધ શ્રી જિનમ[illegible]ગણી કૃત | શેઠ લલુભાઇ નથુભાઈ પાટણવાળા તરફથી. |
| ૧૬ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા ત. |
| ૧૭ " શ્રાવકધર્મ વિવિધ પ્રકરણસટીક " | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા ત. |
| ૧૮ " અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજી કૃત મૂલ; અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ કૃત જ્ઞાનમંજરી ટીકા સહિત. | |
| ૧૯ " કલ્પસૂત્ર સુબોધિકા ટીકા " | શા. ચુનીલાલ સાકરચંદ પાટણવાળા તરફથી |
| ૨૦ " પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકાસાથે " | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી |
| ૨૧ " ધર્મ પરિક્ષા શ્રીજિન મંડનગણી કૃત. | બે શ્રાવિકાઓ પાટણ તરફથી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૨ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત. — શા. લલ્લુભાઈ ખુમચંદની વિધવા બેન મેનાબાઈ પાટણવાળા તરફથી.
૨૩ " ઉપદેશ સપ્તતિકા " — બ્હેન વીજળીબાઈ વડોદરાવાળા તરફથી
૨૪ " પંચ નિર્ગ્રંથી સાવચૂરિ. ૨૫ " પર્યંત આરાધના સાવચૂરિ.
૨૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.
૨૭ " બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.
૨૮ " પંચ સંગ્રહ." શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૯ " શ્રાદ્ધ વિધિ. શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા તરફથી.
૩૦ " પ્રતિમાશતક લઘુ ટીકા. શા. ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી.
૩૧ " ષડ્દર્શન સમુચ્ચય શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા તરફથી.
૩૨ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ. ચુનીલાલજી પન્નાલાલજી મુંબઈવાળા તરફથી.
૩૩ " બૃહત સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમા શ્રમણ કૃત." એક સભા તરફથી.
૩૪ " જીવાનુશાસન સટીક શા મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણવાળા તરફથી.
૩૫ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૩૬ " કુવલયમાલા [ સંસ્કૃત ] "
૩૭ " ધમ્મીલ ચરિત્ર } એક શ્રાવક તરફથી.
૩૮ " ધન્ના ચરિત્ર
૩૯ " ચૈત્યવંદન ચોવીશિ (સંસ્કૃત) શેઠ રામજી ઉકાજી જલાલપુરવાળા તરફથી

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૪૦ " શ્રાદ્ધગુણ વિવરણ "(ભાષાંતર)" વોરા હઠીસીંગભાઈ ઝવેરચંદ ભાવનગરવા-
૪૧ " તપાવલી ( તપરત્ન મહોદધિ )" વિધિ વિધાન સહિત ગુજરાતીમાં, પ્રત આકારે શેઠ આણંદજી પરશોતમના તરફથી.
૧૨ " પૂજા સંગ્રહ " પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજ કૃત તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત )

ઉપરના ગ્રંથો સિવાય બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહેર ખબર હવે પછી આપવામાં આવશે.

## આ સભામાં આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શા માણેકચંદ મોતીચંદ ભાવનગર પે-વર્ગના વાર્ષીક મેમ્બર.
૧ વકીલ મોહનલાલ નાગજીભાઈ ચીનાઈ રે૦ ધોરાજી. બી-વ-વાર્ષીક મેમ્બર
૩ શા ધનજી ખુશાલચંદ ભાવનગર. બી-વ-વાર્ષીક મેમ્બર.

For Private And Personal Use Only